Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

## પુસ્તક ૩૪ મું.

સં. ૧૯૭૪ ના ચૈત્રથી સં. ૧૯૭૫ ના ફાગણ સુધી. અંક ૧૨.

## વિષયાનુક્રમણિકા.

### ૧ પદ્યાત્મક લેખો. (૩૮)


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ રત્નાકર પચ્ચીશીનું રહસ્ય. | (શ્યામજી હેમચંદ માસ્તર) | ૧–૩૩–૯૭ |
| ૨ સુજન સ્વાંગ. | (ભટ્ટ શ્યામજી લવજી. વરલ) | ૩ |
| ૩ સમશ્લોકી સૂક્તરત્નાવળી. | (શ્યામજી હેમચંદ માસ્તર) | ૩૪ |
| ૪ સાંભરશે સૌને વિક્રમની ઓગણી ચુમોતેરની સાલ. | (દુ. ગુ. મહેતા) | ૬૫ |
| ૫ જીભલડીને શિખામણની સઝાય. | (પ્રાચીન) | ૬૬ |
| ૬ પરનિંદાનિવારક હિતશિખામણની સઝાય. | (પ્રાચીન) | ૬૭ |
| ૭ છે ધન્ય ત્હારાં આંસુડાં. | | ૯૮ |
| ૮ ગૌતમ ગણધરની સઝાય. | (પ્રાચીન.) | ૧૨૦ |
| ૯ સાંભરશે સૌને વિક્રમની ઓગણી ચુમોતેરની સાલ. | (દેવશી ડાહ્યાભાઇ ધોલેરા.) | ૧૨૯ |
| ૧૦–૧૧ જૈનોની અવનતિ વિષે. (હરિગિત ને ગઝલ.) | (અમીચંદ કરશનજી શેઠ.) | ૧૩૦–૩૧ |
| ૧૨ ચિદાનંદજી મહારાજકૃત હિતશિક્ષાના દોહા–સાર્થ. | (પ્રાચીન) | ૧૩૧ |
| ૧૩ જિન પંચક સ્તવન. | (પ્રાચીન.) | ૧૬૧ |
| ૧૪ ખરો આનંદ ક્યાં છે ? | (રા. પ્રેમી.) | ૧૬૨ |
| ૧૫ અરિહંતના ઉંબરે. | (સંઘવી કેશવલાલ નાગજી. સાણંદ.) | ૧૬૧ (૧૬૭) |
| ૧૬ બોધક પદ. | (વનેચંદ ઠાકરશી વોરા. ધોરાજી.) | ૧૬૨ (૧૬૮) |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




[illegible] સદુપયોગ. ( ભીખાભાઇ છગનલાલ. સાહ. ) ૧૬૨ (૧૯૮)-૨૩૦

[illegible] ( સંઘવી કે. ના. સાણંદ. ) ૨૨૯

૧૯ [illegible] સદ્ગુરૂ શરણું. ,, ૨૨૯

૨૦ [illegible] ગેય સંવાદ. ( સન્મિત્ર કર્પૂરવિજયજી. ) ૨૩૪

૨૧ [illegible] કરવા વિષે. ( અમીચંદ કરશનજી શેઠ. ) ૨૫૩

૨૨ [illegible] ( રા. મલયાનિલ. ) ૨૬૧

૨૩ શાન્તિનું સામ્રાજ્ય. ( હ. ગુ. મહેતા. વળા. ) ૨૬૨

[illegible] કળિયુગ સામ્રાજ્ય. ,, ૨૬૨

૨૫ ઉચ્ચાત્માભિનંદન. ( ગુલાબચંદ મૂળચંદ ભાવીશી. ) ૨૬૩

૨૬ ઋષભદેવ સ્તુતિ. ( સંઘવી કે. ના. સાણંદ ) ૨૯૫

૨૭ નુતન વર્ષાભિનંદન. ( રા. રા. માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક. ) ૨૯૬

૨૮ આત્મજ્ઞાન સમય ચેતનની જાગ્રત દશા. ( હ. ગુ. મહેતા. વળા. ) ૨૯૭

૨૯ આત્મોપદેશ સઝાય. ( પ્રાચીન. ) ૩૨૭

૩૦ સમકિતની સઝાય ,, ૩૨૮

૩૧ [illegible] સઝાય. ,, ૩૨૮

૩૨ [illegible] સઝાય. ,, ૩૨૮

૩૩ વૈરાગ્ય સઝાય. ,, ૩૨૯

૩૪ [illegible] સઝાય. ( પ્રાચીન ) ૩૨૯

૩૫ [illegible] બાળકોને ગાવાનું ગાયન. ( મ. ક. શેઠ. ) ૩૩૬

૩૬ [illegible] સ્તુતિ. ( [illegible] ) ૩૬૧

૩૭ [illegible] પદ. ,, ૩૬૨

૩૮ ઉપદેશપદ. ( હ. ગુ. મહેતા-વળા. ) ૩૬૩


## ૪ કથાનુયોગના લેખો. ( ૮ )


[illegible] સૂચવેલી (૭) ટુંકી કથાઓ. ( તંત્રી. ) ૫૧

[illegible] સુંદરી. ( પુરૂષોત્તમ [illegible] -સુરત. ) ૧૦૯

[illegible] કથા સહિત. ,, ૧૩૭

[illegible] સુબોધ વ્યાખ્યાન. કથા સહિત. ( અમીચંદ કરશનજી શેઠ. ) ૧૭૪-૩૮૨

[illegible] સિંહગુફાવાસી મુનિને આપેલો ચમત્કારિક બોધ.
( અમીચંદ કરશનજી શેઠ. ) ૨૪૯

[illegible] કર્યાં તેવાં ફળ. કથા સહિત. ,, ૨૭૮

[illegible] લેવા માટે પુત્રે માતાને કરેલો બોધ. ,, ૩૦૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૩ ધાર્મિક લેખો-(૧૧)


૧ ઉપદેશ રત્નકોષ. (સન્મિત્ર કર્પૂરવિજયજી

૨ હિતશિક્ષાના રાસનું રહસ્ય. (તંત્રી.) ૧૪-૭૯-૧૫૪-૧૮૨ (૨૨૬)-૩૧૪-૩૮૬

૩ આત્મવિચારણા-ધર્મભાવના. (મૌક્તિક.)

૪ ચોત્રીશ અતિશય. (વકીલ નંદલાલ લલ્લુભાઇ.) ૬૮

૫ જળમંદિરમાં સાત્વિક કલ્લોલ. (મૌક્તિક.) ૭૩-૧૦૦

૬ શુદ્ધ દેવ ગુરૂ ધર્મની ઓળખાણ ને સાત પ્રકારની શુદ્ધિ. (સ. ક. વિ.) ૮૯

૭ ઉપદેશ સપ્તતિકા-ભાષા અનુવાદ. (સન્મિત્ર ક. વિ.) ૧૬૩-૨૩૯

૮ કલ્યાણમંદિર અને ભક્તામર. (પરમાનંદ કુંવરજી કાપડીઆ.) ૧૬૮-૧૭૧ (૨૦૭)-૩૬૪

९ पढमं नाणं तओ दया. (स. क. वि.) ૨૬૦

૧૦ શ્રી જંબુકુમાર મુનિ અને દશવિધ યતિધર્મ. ,, ૨૯૬

૧૧ ઉપદેશ સપ્તતિકા-ગ્રંથ પ્રવેશ. ,, ૩૩૧


## ૪-૫ ઉપદેશાત્મક તથા નીતિપ્રાધાન્ય લેખો. (૩૨)


૧ વિવેકાચરણ. (સ. ક. વિ.) ૧૧

૨ અહિંસા સંબંધી હિતોપદેશ. ,, ૫૩

૩ મૃત્યુનો ભય-તેનું કારણ ને નિવારણ. (તંત્રી.) ૩૨

૪ સુબોધ પ્રશ્નોત્તર. (સ. ક. વિ.) ૯૦

૫ સમયની અગત્યતા. (દફતરી નંદલાલ વનેચંદ) ૧૧૮

૬ અગાળાનાં અણમૂલાં આભરણ. ,, ૧૨૦

૭ સદ્બોધ વચન. (સ. ક. વિ.) ૧૩૨

૮ સંત-સાધુજનોના મુખમાં કેવાં વચન શોભે? ,, ૧૩૬

૯ ધર્મપ્રાપ્તિ સુલભ્ય કેમ થઇ શકે? ,, ૧૬૨

૧૦ આત્મરત્નદીપ. (નંદલાલ વનેચંદ દફતરી.) ૧૭૩

૧૧ પર્વાધિરાજની આરાધના શી રીતે થઇ શકે? (સ. ક. વિ.) ૧૮૪

૧૨ સાંવત્સરિક ખામણાની જુની રીત (સ. ક. વિ.) ૧૮૭

૧૩ બે બંધુઓ વચ્ચે થયેલો બોધદાયક સંવાદ ,, ૧૬૪ (૨૦૦)

૧૪ [illegible] પચ્ચખાણનો આશ્ચર્યકારક પ્રભાવ ,, ૧૬૬ (૨૦૨)

૧૫ મોક્ષના અર્થી બંધુઓ અને બહેનોને બે બોલ ,, ૧૬૭ (૨૦૩)

૧૬ મોક્ષ મેળવવા ઇચ્છનારે પ્રથમ શું કરવું જોઇએ? ,, ૧૬૮ (૨૦૪)

૧૭ બાહ્યાડંબર તજી સાચવટથીજ શાસનરક્ષા થઇ શકશે. ,, ૧૬૯ (૨૦૫)


For Private And Personal Use Only

૧૮ વિનય વરીકારના બીજા અનેક પ્રકાર. „ ૨૩૨
૧૯ ગોડીપાર્શ્વ „ ૨૩૩
૨૦ સૂક્ત વચન સાર „ ૨૪૩
૨૧ ટુંકા સ્મરણો. ( ગુલાબચંદ મૂળચંદ બાવીશી. ) ૨૬૪
૨૨ આર્હત સજ્જનોને શાસનહિત માટે કંઈક કથન (સ. ક. વિ.) ૨૬૫
૨૩ આવા બારીક સમયે સુજ્ઞ જનોએ શું કરવું જોઇએ ? „ ૨૬૬
૨૪ સમ્યગ્દૃષ્ટિ યા સમકિતવંતના ખાસ લક્ષણ „ ૨૬૭
૨૫ સર્વજ્ઞ વીતરાગ પ્રભુની આજ્ઞાનો પ્રભાવ. „ ૨૬૯
૨૬ કામાંધતા તજવા હિતોપદેશ „ ૨૯૮
૨૭ જન્મમરણના દુઃખમાંથી છુટવા માટે કરવો ઘટતો વિચાર „ ૩૦૦
૨૮ સુબોધ વ્યાખ્યાન ( અમીચંદ કરશનજી શેઠ ) ૩૦૬
૨૯ કેટલાક ઉદ્‌ગારો. ( ત્રિભુવનભાઇ કલ્યાણભાઈ. મુંજપર ) ૩૧૦
૩૦ નિરોગી જીંદગીનું સર્વોત્તમ સાધન ( અમીચંદ કરશનજી ) ૩૩૮
૩૧ વેશ્યા અને પરસ્ત્રીગમન ત્યાગ ( સ. ક. વિ. ) ૩૫૮
૩૨ સૂક્ત મુક્તાવળી. ૧૪-૧૫-૧૬-૧૭ મું પદ્ય. વિવેચન સાથે „ ૩૭૧


## ૬ સામાજિક લેખો ( ૧૦)


૧ આપણા દેશને શાની જરૂર છે ? ( નંદલાલ વનેચંદ ) ૩૦
૨ આપણી આધુનિક સ્થિતિ સુધારવા શું શું કરવાની જરૂર છે ? (સ.ક.વિ.) ૩૭
૩ થી ૬ આપણા કેટલાક સામાજિક સવાલો (મૌક્તિક) ૪૪-૨૭૧-૩૪૧-૩૭૪
૭ જૈન સમાજના અભ્યુદય અર્થે કંઈક કથન. ( સ. ક. વિ. ) ૧૦૫
૮ શ્રી સંઘ યોગ્ય જરૂરી સૂચના „ ૧૬૭
૯ જૈનોમાં કેળવણી ( નરોતમ. બી. શાહ ) ૧૮૭
૧૦ જૈનોનું બાહ્ય ને આંતર જીવન ( દુર્લભદાસ કાળીદાસ ) ૨૪૫


## ૭ પ્રકીર્ણ લેખો (૧૩)


૧ નવું વર્ષ ૩
૨ છુટક નોંધ અને ચર્ચા ૨૧-૫૭-૯૩-૧૨૪-૧૬૦-૧૮૯-૨૨૨-૨૫૪-૨૮૮
૩૧૯-૩૪૯-૩૮૭
૩-૪ શત્રુંજયની વર્ષગાંઠ વિષે ( અનુવાદી ને મગનલાલ મોહનલાલ ) ૪૨-૧૨૨
૫ વસ્તુપાળ મંત્રીની અગ્નિસંસ્કારભૂમિનો નિર્ણય. ( ડાહ્યાભાઈ મોતીચંદ ) ૮૩
૬ ટીકા કરવાની ટેવ. ( નેમચંદ ગીરધર કાપડીઆ. ) ૮૬
૭ અનાચાર વિચારની શુદ્ધિ માટે આપણું જોઈતું લક્ષ. ( સ. ક. વિ. ) ૧૦૭
૮ જુહાર શબ્દનો અર્થ. ( નંદલાલ વનેચંદ ) ૧૨૧
૯ જુહાર શબ્દનો ઉહાપોહ. ( સંઘવી કેશવલાલ નાગજી. ) ૧૮૦
૧૦ કપડવંજના દીક્ષા લેનાર સંબંધી ખુલાસો. ( તેના સંઘ. ) ૧૪૫


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧૧ સિદ્ધાચળના ૧૦૮ નામો. પ્રાચીન પત્ર ઉપરથી. ( તંત્રી ) ૧૭૯

૧૨ અકબરના સમયમાં જૈનોની સત્તા. ( નેમચંદ ગીરધર કાપડીયા) ૨૩૬

૧૩ જૈનપંચાંગ નામ માત્રથી ઠગાશો નહીં. ( તંત્રી. ) ૨૮૬


## ૮ સ્વીકાર ને સમાલોચના ( ૬ )


૧ પુસ્તકોની પહોંચ. નામ માત્ર. ( ૧ થી ૫૦ ) અંક ૩ જાનું મુખપૃષ્ટ.

૨ „ „ ( ૫૧ થી ૭૩ ) અંક ૪ થાનું મુખપૃષ્ટ.

૩ રીપોર્ટોની પહોંચ. ( મોહનલાલજી લાઈબ્રેરી–ભાવનગર પાંજરાપોળ ) „

૪ ગ્રંથાવલોકન. ( શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. ) ૧૪૩

૫ રીપોર્ટોની પહોંચ. (જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ–રાંધણપુર જૈન યુવકોદય મંડળ. ) અંક ૫ મુખપૃષ્ટ.

૬ પુસ્તકોની પહોંચ. ( શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રસારક મંડળ. આગ્રાના ૪ પુસ્તકો, શેઠ જમનાભાઈ ભગુભાઇ તરફથી આવેલ ૬ પુસ્તકો, અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી ભેટ મળેલાં ૩ પુસ્તકો. ) અંક ૭ મુખપૃષ્ટ.


## ૯ વર્તમાન સમાચાર. ( ૨ )


૧ વર્તમાન સમાચાર. ( મેસાણા, ધોલેરા, મુંબઇ, સુરતના ) ૧૫૮

૨ ત્રીજી જીવદયા પ્રસારક પરિષદમાં પસાર થયેલા ઠરાવો.(પરમાનંદ) ૧૭૭ (૨૧૩)


## ૧૦ ખેદકારક મૃત્યુની નોંધ. ( ૧૦ )


૧ ભાઇ પરમાણંદ ચાંપશી. ( ગોઘા. ) અંક ૪ મુખપૃષ્ટ.

૨ શેઠ પીતાંબરદાસ પનાજી. ( બુહારી. ) અંક ૫ મુખપૃષ્ટ.

૩ શા. નેમચંદ ભીમજી, બાબુ સાહેબ સીતાબચંદજી નહાર, પં. મુક્તિવિમળજી. અંક ૭ મુખપૃષ્ટ.

૪ મુનિરાજશ્રી ભક્તિવિજયજી, શ્રી વિજયકમળસૂરિ. ( બીજા ) ૨૬૦

૫ શા. માવજીભાઇ ખુશાલ, શેઠ કલ્યાણચંદ સોભાગચંદ કા. મગનલાલ હેમચંદ. અંક ૮ મુખપૃષ્ટ.

૬ મુનિરાજશ્રી જયવિજયજી. અંક ૯ મુખપૃષ્ટ.

૭ શા. પરભુદાસ જેઠાભાઇ, શેઠ કસ્તુરભાઈ કસળચંદ. અંક ૧૦ મુખપૃષ્ટ.

૮ ભાઇ નાનચંદ હરજીવન–ભાવનગર. અંક ૧૧ મુખપૃષ્ટ.

૯ પં. ચતુરવિજયજી, પં. શાંતિવિજયજી. અંક ૯ સ્ફુટ નોંધમાં.

૧૦ ઉપાધ્યાય પં. પ્રેમવિજયજી, ઉપાધ્યાય શ્રી વીરવિજયજી. અંક ૧૦ સ્ફુટ નોંધમાં.


અંક ૬ ઠામાં પૃષ્ટ ૪, અંક ૯ મામાં પૃષ્ટ ૨, અંક ૧૧ મામાં પૃષ્ટ ૨૦ કુલ પૃષ્ટ ૮ ના વધારા સાથે કુલ પૃષ્ટ ૩૯૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सहन थइ न शके एवी आपणी अति गंभीर खामी.

## ઐકયતાનો અભાવ.

જેમ બને તેમ જલદી દૂર કરવામાંજ આપણું હિત-શ્રેય-કલ્યાણ રહેલું છે એમ સહૃદય જનો હવે ખુલ્લી રીતે સ્વીકારે છે અને હિમ્મતથી જાહેર કરે છે. આપણામાં ઐકયતા કહો કે સંપની બહુ ભારે ખામી છે, તેથી આપણી કોમને વખતોવખત ઘણુંજ સહન કરવું પડે છે તેમ છતાં એ ગંભીર ખામી દૂર કરવા હજી લોકોની (સાધુઓની તેમજ ગૃહસ્થોની) આંખો ઉઘડતી નથી. હજુ સુધી તેઓ ઘોર નિદ્રામાં પોઢેલા જણાય છે. પાંગળું ખાતું એટલું બધું વધી ગયું છે કે ખાસ કરવા યોગ્ય અગત્યના કામની પણ બહુધા ઉપેક્ષાજ કરવામાં આવે છે. અને કદાચ કંઇ કરવામાં આવે છે તો તે હૃદય વગર જાણે શૂન્ય હૃદયથીજ. આવા ભાંગ્યા તૂટ્યાં કામની અસર બીજા ઉપર ભાગ્યેજ સારી થઇ શકે. તેથી વિચાર કરતાં (આસપાસના સંજોગો જોતાં) સ્પષ્ટ સમજાશે કે હવે તો દરેકે દરેક સ્થળે સ્વકર્ત્તવ્ય-ધર્મને સમજનારા અને ધર્મની દાઝ દીલમાં ધરનારા, સરખી પરિણતિવાળા પાંચ પચીશ ભાઇઓએ કટિબદ્ધ થઇને એક સહકારી મંડળ સ્થાપી યા સ્થપાવી ઐકયતા માટે દ્રઢ પ્રયત્ન શરૂ કરવાની જરૂર છે. વર્તમાન કફોડી સ્થિતિ જોઇ નિરાશ થઇને બેસી રહેવા કરતાં દરેક સ્થળની ભવ્યવાટિકાને યોગ્ય સિંચન કરી સહુને સ્વકર્તવ્યનું ભાન કરાવી જાગ્રત કરવા એજ ઉત્તમ રસ્તો છે. હવે કહેવા કરતાં કરી દેખાડવાનોજ સમય છે.

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वंदस्व गोविंदवत्
दानं शील तपः प्रसंगसुभगां चाभ्यस्य सद्भावनां ॥
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥ १ ॥

પુસ્તક ૩૪ મું. ] ચૈત્ર. સંવત ૧૯૭૪. વીરસંવત ૨૪૪૪. [ અંક ૧ લો.

## रत्नाकर पच्चीशीनुं रहस्य.

### હરિગીત.

(૧)

મંદિર છો મુક્તિતણા માંગલ્યક્રીડાના પ્રભુ,
ને ઇંદ્ર નરને દેવના સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાનકળા તણા.

(૨)

ત્રણ જગતના આધાર ને અવતાર હે કરૂણાતણા,
વળી વૈદ્ય છો દુર્વાર આ સંસાર દુઃખો તણા;
વિતરાગ વલ્લભ વિશ્વના તુજ પા
જાણો છતાં પણ કહી અને આ

(૩)

શું બાળકો માબાપ પાસે
ને મુખમાંથી જેમ ભાસે તેમ
તેમજ તમારી પાસ તારક અ
જેવું બન્યું તેવું કહું તે

(૪)

મેં દાન તો દીધું નહિ અને
તપમાં દમી કાયા નહિ શુભ

ગણાવ
છતા અ
દાનો ફેરતા જાય
થી અવાજ આવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ નવ થયું,
મ્હારૂં ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું.

(૫)

હું ક્રોધઅગ્નિથી બળ્યો વળી લોભસર્પ ડશ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને;
મન મ્હારૂં માયાજાળમાં મોહન મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે.

(૬)

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા.

(૭)

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે! શું કરૂં હું તો વિભુ;
પથ્થર થકી પણ કઠણ મારૂં મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે.

(૮)

ભમતાં મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણ રૂપી રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયા પરમાદના વશથી પ્રભુ કહું છું ખરૂં,
કોની કને કિરતાર આ પોકાર હું જઈને કરૂં.

(૯)

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું,
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું.

(૧૦)

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિન્દિત કર્યાં પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારૂં પર તણું,
હે નાથ! મ્હારૂં શું થશે ચાલાક થઈ ચુક્યો ઘણું.

અપૂર્ણ.

માસ્તર રામજી હેમચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सुजन स्वांग.

( રચનાર—ભટ્ટ શ્યામજી લવજી—વરલનિવાસી ).

**કવ્વાલી.**

દયા ના લેશ દિલમાંહી, સુજનનો સ્વાંગ ધાર્યે શું;
કપટ છળ દંભ દિલમાંહી, સુજનનો સ્વાંગ ધાર્યે શું. ટેક
નિવારી શીત ના દીનની, ન ઢાંકયા અન્યનાં છિદ્રો;
પછી અતિ શ્રેષ્ઠ પચરંગી, દુકુલો પહેરવાથી શું. ૧
જીવન ચારિત્ર્ય સદ્‌ગુણના, અલંકારે ન શોભાવ્યું;
ઝળકતાં દિવ્ય જવાહીરના, ભૂષણનો ભાર ધાર્યે શું. ૨
ધરી કંઠે સુમન[1] માળા, થયા નાંહી સુમન વાળા;
થયા ના દાનવીર તિલક, તિલક ભાળે કર્યાથી શું. ૩
અથવા (થયા નાદાન વીર તિલક, તિલક ભાળે:કર્યાથી શું.)
કર્યું મર્દન નાંહ કદીયે, અહંકૃતિ વૃત્તિનું સ્નેહે;
સદાયે [2]સ્નેહથી સ્નેહે, શરીરને મર્દવાથી શું. ૪
કર્યો કસ્તુરીનો તન લેપ, વિષયથી ના રહ્યા નિર્લેપ;
ન રીઝયા 'શ્યામ' અનુરાગે, પછી એ અંગરાગે શું. ૫

# नवुं वर्ष.

પરમાત્માની કૃપાથી હું ૩૩ વર્ષની વય સુખશાંતિપૂર્વક પસાર કરી આનંદ સાથે આજે ૩૪ મા વર્ષમાં પ્રવેશ કરૂં છું. મેં આજસુધીમાં મારા વાંચકોને કેટલો અને કેવો લાભ આપ્યો છે તે હું કહી શકું નહીં અને કદી કહું તો તે સભ્યતાના નિયમની બહાર ગણાય. તોપણ એટલું તો કહી શકું કે મેં જે વાંચન આપ્યું છે તે ત્રીજા વૈદ્યના ઔષધ જેવું–વ્યાધિ સતે વ્યાધિનું નિવારણ કરે અને વ્યાધિ ન હોય તો શરીરની પુષ્ટિ કરે એવું આપ્યું છે. એટલે મારા અંગભૂત લેખો વાંચવાથી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ ને કષાય વિગેરે દોષો ટળે અને સમ્યકત્વ, વિરતિભાવ વિગેરે ગુણો વૃદ્ધિ પામે. મારા અંગભૂત લેખોમાં આપે સાદાઇ પણ સ્વચ્છતા અને શબ્દ રચનાની ભભક નહીં છતાં સ્વાભાવિક સુંદરતા જોઇ હશે. જમાનો ફરતો જાય છે તે પ્રમાણે લેખની ઢબ છબ ફેરવવી જોઇએ એવા ચોતરફથી અવાજ આવે છે

1 સુમન=પુષ્પ. ૨ સ્નેહ=તેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેની મારા હૃદયપર પણ છાપ પડે છે તેથી હવે નવીન લેખકો પાસે નવીન ઢબના લેખો લખાવી પ્રકટ કરવાની મને ઉર્મી ઉઠે છે અને તદ્યોગ્ય પ્રયત્ન મારા ઉત્પાદકો કરે છે, પરંતુ તેવા લેખોની અંદર પણ આપ નવીન વિચારોમાં પ્રવેશ પામી ગયેલી અશ્રદ્ધા, ભક્ષ્યાભક્ષ્યનો અવિવેક અને વિચાર પ્રદર્શિત કરવામાં નિરંકુશતા, શાસ્ત્ર પારતંત્ર્ય સિવાય માત્ર માનસિક-યૌક્તિક વિચારોનીજ પ્રપૂર્ણતા નહીં શકશો નહીં. કારણ કે મને દૃષ્ટિ કરતાં આપણા જૈનવર્ગમાં પણ ક્રિયા માર્ગ તરફ અસહ્ય અરૂચિ દેખાય છે. સાંસારિક પ્રસંગોમાં પ્રિયતા વધી પડી છે અને ધાર્મિક પ્રસંગો તરફ અનાદર અને અપ્રીતિ-અભાવ વધી પડેલ છે, ધર્મશાસ્ત્રના અભ્યાસની અત્યંત મંદતા છતાં સામાન્ય નૈતિક બુકો વાંચીને ' અમે ન સમજી શકીએ-અમારૂં અનધિકારીપણું હોય એવું તો કાંઇ હોયજ નહીં ' એવી સાભિમાન વૃત્તિ વધતી જાય છે. તેમના લેખો પણ બહુધા શાસ્ત્રજ્ઞાનનો તદ્દન અભાવ સૂચવે છે. માત્ર બુદ્ધિવાદ-તર્કવાદથી લેખો લખવામાં આવે છે અને તે વાંચીને તેમાં આનંદ માનવામાં આવે છે-તેની પ્રશંસા કરવામાં આવે છે. તેની અંદર કેટલીક વખત તદ્દન શાસ્ત્રવિરૂદ્ધ ઘટના લખાણી હોય છે, પરંતુ તે શાસ્ત્રબોધ વિનાના વાંચકોની તો દૃષ્ટિમાં પણ આવી શકતી નથી. આ વિચાર અન્યના ઉત્કર્ષની અસહિષ્ણુતાને અંગે પ્રકટ કરવામાં આવ્યા નથી પરંતુ માત્ર મારી નજરે જે દેખાયું છે તે વાંચકોને દેખાડી આપ્યું છે.

હવે હું તો પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરીને મારા અસ્ખલિત માર્ગમાં ગમન કરવા તત્પર થાઉં છું અને નિર્દોષ એવી નવીન લેખોની વાનકી પણ મારા વાંચકોને વારંવાર ચખાડવા ઇચ્છા ધરાવું છું. લોકવિચારને માન આપવું તે મારી પણ ફરજ છે એમ હું સમજું છું.

ગત વર્ષમાં આપેલા લેખોનું સિંહાવલોકન કરવું અને નવ વર્ષમાં આપવાના લેખોનું દિગ્દર્શન કરાવવું એ પ્રચલિત પ્રવૃત્તિને લઇને હું પણ મારા અંગીભૂત ગત વર્ષમાં આપેલા નાના મોટા-ગદ્ય પદ્યાત્મક ૯૦ લેખો સંબંધી વિવેચન કરૂં છું. તેની અંદર પદ્યાત્મક આવેલા (૧૭) લેખો પૈકી (૫) લેખ તો પ્રાચીન છે, જેમાં ૧ સંસ્કૃત ને ૪ ગુજરાતી ભાષામાં છે. ગુજરાતી ભાષાવાળા ચારે લેખો ખાસ ધ્યાન ખેંચવા લાયક છે. તેમાં કક્કા બત્રીશી ને ચેલાનાં ફુલડાંવાળી હરીયાળી અપૂર્વ સમજણ આપે તેવાં છે. અર્વાચીન લેખોમાં ૫ દુમરાકરના, ૩ મર્હુમ દીલખુશના, ૨ મોતીચંદ કરશનજી શેઠના, ૧ દુર્લભજી ગુલાબચંદ મહેતાનો ને ૧ માસ્તર શામજી હેમચંદનો સમશ્લોકી સુકૃત રત્નાવળીનો છે. આ લેખ લાંબો ચાલવાનો છે. તેના પ્રત્યેક શ્લોકમાં દૃષ્ટાંતિક યોજના છે અને તે ખાસ ધ્યાન ખેંચવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગદ્યમય ૭૩ લેખો પૈકી મોટો ભાગ જો કે તંત્રીનો અને સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજનો છે, પરંતુ તંત્રીના લેખો નાના મોટા એકંદર ૩૭ છે તેમાંથી મૃત્યુ સંબંધી નોંધના (૯) લેખો બાદ કરવા યોગ્ય છે. કેમકે તે લેખ ગણી શકાય નહીં. તોપણ તેની અંદર બાબુ સાહેબ બદ્રીદાસજીના ખેદકારક મૃત્યુની જે નોંધ લેવામાં આવી છે તે વિસ્તૃત છે અને વાંચવા લાયક છે. કારણકે એવા ગૃહસ્થ મહાપુરૂષનું ચરિત્ર અનુકરણીય હોય છે. બાકીના ૨૮ લેખો પૈકી ૧૦ લેખો તો સામાજિક હકીકતને પૂરી પાડનારા છે. તેની અંદર ૧૧ મી જૈન કોન્ફરન્સના સવિસ્તર રીપોર્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એ રીપોર્ટે (૫૯) પૃષ્ટ રોકયા છે. સ્વીકાર ને સમાલોચનાના ૩ લેખોમાં નાના મોટા ૧૧ પુસ્તકોની સમાલોચના ટુંકામાં કરવામાં આવી છે. વર્તમાન સમાચારના ૪ લેખો પણ નોંધ કરી રાખવા લાયક હકીકતજ પૂરી પાડે તેવા ટુંકામાં લખેલા છે. પ્રકીર્ણ લેખોના પેટામાં નવું વર્ષ એ લેખથી માંડીને ૭ લેખો તંત્રીના છે. તેમાં જિનપ્રતિમાના બાહ્ય દેખાવમાં થયેલ ફેરફાર અને પ્લેગને વખતે કરવા જોઇતા વિચારો—એ બે લેખ ખાસ ધ્યાન ખેંચવા લાયક છે. જિનપ્રતિમાના બાહ્ય દેખાવમાં થયેલા ફેરફારવાળા લેખની પુષ્ટિમાંજ 'જિનપ્રતિમાના સંબંધમાં કંઇક વક્તવ્ય' એ મથાળાનો સન્મિત્ર કર્પૂરવિજયજીનો પણ લેખ છે. આ બાબત જૈન સમુદાયે ખાસ ધ્યાન આપવા લાયક છે. કારણકે આવા મનઇચ્છિત કરેલા ફેરફારો કે જે જિનેશ્વરની શાંત મુદ્રાના દેખાવમાં પણ ફેરફાર કે વિપર્યય કરી નાખનારા છે તે હાલના નવા જમાનાવાળા પસંદ કરે તેમ નથી. તેઓ પરમાત્માની તદન શાંત–નિર્વિકાર મુદ્રાને જ પસંદ કરે છે, તેથી જરા આત્મબળ વાપરી એવા મનઇચ્છિત ચોડી દીધેલા ચાંડલા, આડ, તંબોળ, શ્રીવચ્છ, ટીબી, કટોરીઓ, પંજા વિગેરે ઉખેડી નાખી અસલ નેત્ર સાથે તદન લાગુ થઇ જાય તેવા ચક્ષુઓ અને સુંદર તિલક જ રહેવા દેવાની જરૂર છે. ઉપર જણાવેલા ચાંડલા, શ્રીવચ્છ, આડ વિગેરે ચોડતાં, ઉખેડતાં અને રહે છે તેટલો વખત કેટલી આશાતના કરે છે તેનો મુગ્ધ જનો ખ્યાલ જ કરતા નથી, નહીં તો ભક્તિ કરતાં આશાતના એટલી બધી વધી પડે છે કે તે તરફ પ્રવૃત્તિ જ ન થઇ શકે.

આતો પ્રસંગે કહેવાયું. તંત્રીના લેખો પૈકી મુખ્ય લેખ ચારજ છે. અને તેણે એકંદર ૧૮ વખત દેખાવ આપ્યો છે. ગયા વર્ષનો બુદ્ધિસ્વરૂપનો ચાલુ લેખ ત્રણ અંકમાં આપીને પૂર્ણ કર્યો છે. સુમિત્ર ચરિત્રનું ભાષાંતર પણ નવું શરૂ કરી પાંચ અંકમાં પૂર્ણ કરેલ છે. એ ચરિત્ર ચમત્કારિક ને વાંચવા લાયક છે. હિતશિક્ષાના રાસના રહસ્યવાળો લેખ નવો શરૂ કર્યો છે. તે પણ આઠ અંકમાં આપેલ છે. આમાં વ્યવહારિક અને ધાર્મિક અનેક બાબતો પ્રસંગોપાત સમજાવવામાં આવેલ

For Private And Personal Use Only

છે. આખો ખાસ ગૃહસ્થને ખાસ વાંચવા ને સ્મરણ કરી રાખવા લાયક છે. આગળ ઉપર વ્યવહારને અંગે પણ લખેલા ઉત્તમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે હવે પછી ક્રમેક્રમે આપવામાં આવશે. મૂર્ખશતકનો લેખ બે અંકમાં આવેલ છે. તે લેખ પોતામાં કોઈ પ્રકારની મૂર્ખાઈ છે કે નહીં? તે સમજાવવા માટે, અન્ય મૂર્ખોને ઓળખવા માટે, તેમજ થતી મૂર્ખાઇથી બચવા માટે ખાસ ઉપયોગી છે. આ પ્રમાણે તંત્રીના લેખની વ્યાખ્યા પૂર્ણ થાય છે.

**સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજના** ૨૨ લેખો પૈકી મોટો લેખ પ્રશમરતિ પ્રકરણના વીવરણવાળો છે. ચાર પાંચ વર્ષથી ચાલતો આ લેખ આ વર્ષમાં ૭ અંકમાં આપીને પૂર્ણ કરવામાં આવ્યો છે. એ આખા લેખની અંદર શાસ્ત્રોક્ત અનેક પ્રકારનું રહસ્ય સમાવેલ છે. તેનો કેટલોક ભાગ તો ગહન પણ છે, તે વીવરણ કરતાં સ્ફુટ કરવામાં આવેલ છે. આ લેખમાં તંત્રીએ પણ થોડોક ભાગ લીધેલો છે. બાકીના ૨૧ લેખ પૈકી એક સીમંધર સ્વામીનું સંસ્કૃત સ્તવન જે પ્રથમાંકમાં આપેલ છે તેના ભાવાર્થનો છે. બાકીના નાના મોટા ૨૦ લેખો તમામ જુદા જુદા રૂપમાં હિતોપદેશ આપનારા છે. અનુક્રમણિકામાં નૈતિકના, ઉપદેશાત્મકના ને પ્રકીર્ણના પેટામાં તેનો સમાવેશ કરેલો છે. એ ત્યાગી મહાત્માની કલમ એકજ ઢબમાં જૈન વર્ગના હિત માટે જૂદે જૂદે સ્વરૂપે કામ કરે છે. નવા જમાનાવાળા તેને જુની ઢબ કહે છે. જુના જમાનાવાળાને તે પ્રિય લાગે છે. એઓ સાહેબ આવીજ ઢબમાં લેખો અન્ય માસિકોમાં ને ન્યુસપેપરોમાં પણ આપ્યા કરે છે. તેમની લેખિનીનો પ્રવાહ તો અસ્ખલિત વહ્યાજ કરે છે.

અન્ય પૃથક્ પૃથક્ ૭ લેખકોના ૧૪ લેખો આપવામાં આવ્યા છે. તેમાં **સૌક્તિકના** બે લેખો અનેક રીતે અગ્રસ્થાન ધરાવે છે. તે બંને લેખ ( વૈજ્ઞાનિક ચર્ચાપર વિચારો ને સમાજસેવા-સેનીટેરિયન) વિસ્તારવાળા હોવા સાથે નવીન પદ્ધતિએ લખાયેલા છે, છતાં નવા ને જુના બંને જમાનાવાળા તે પદ્ધતિ પસંદ કરે છે, તેનું ખાસ કારણ તેની અંદર શાસ્ત્રમર્યાદા વિરૂદ્ધ કાંઇપણ લખાણ આવતું નથી તે અને વિચારોની પ્રૌઢતા અને સંકળના ઉત્તમ પ્રકારની હોય છે તેજ છે. **વકીલ નંદલાલ લલ્લુભાઈના** મારૂં તેત્રીશમું વર્ષ ને શ્રાવક એ નામના બે લેખ છે, તે પણ પ્રૌઢ વિચારવાળા છે. એક લેખ તે **પંન્યાસજી આણંદસાગરજીએ** આગમોદય સમિતિમાં આપેલ વ્યાખ્યાનનો છે. એક **મર્હુમ દિલખુશનો** લખેલો પરસ્ત્રીગમનનો દાખલ કર્યો છે. **નંદલાલ વનેચંદ દફ્તરીના** લખેલા પાંચ લેખો છે, તે જો કે પ્રમાણમાં નાના છે, પરંતુ તે લેખો વ્યવહાર તરફ યોગ્ય રીતે દૃષ્ટિ કરનારા હોવાથી ઉપયોગી છે અને વાંચનારને અસર કરે તેવા છે. અમીચંદ કરશનજી શેઠના લખેલા ૩ લેખ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિસ્તારવાળા ને અસરકારક છે. એઓ આગળ ઉપર વધારે સારા લેખો લખી શકશે એવી સંભાવના થઈ શકે છે. આ પ્રમાણે ગત વર્ષમાં મારા અંગભુત બનેલા ગદ્ય પદ્યાત્મક ૯૦ લેખોનું સિંહાવલોકન છે.

હવે નવા વર્ષમાં મારા ઉત્પાદકોની જીજ્ઞાસા નવીન પદ્ધતિના લેખો વધારે દાખલ કરવાની છે, ઇગ્લિશ ને હિંદી માસીકોમાં આવતા ઉપયોગી લેખોના ભાષાંતરો ( અનુવાદ ) આપવાની છે, હિતશિક્ષાના રાસના રહસ્યવાળો લેખ આગળ ચલાવવાની છે, એકાદ નાનું પણ સારૂં ચરિત્ર પણ કથા–વાર્ત્તા વાંચવાના ઇચ્છકોની ઇચ્છા પૂર્ણ કરવા માટે આપવાની છે, સમશ્લોકી–સૂક્તરત્નાવળીવાળો પદ્યલેખ પણ આગળ ચલાવવાની છે, સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજના વચનામૃતનું પાન કરાવવાનું શરૂ રહેવાનું છે, સુક્તમુક્તાવળીવાળો લેખ જે પૃથક્ પૃથક્ વિષય સંબંધી હોવાને લીધે અપૂર્ણ ગણાય તેવો નથી તેને પણ આગળ ચલાવવાની છે, સમાજહિતના લેખો લખી, લખાવીને સમાજહિતમાં વૃદ્ધિ કરવાની છે. પરમાત્મા તેમની ઇચ્છા પૂર્ણ કરે અને મારી દ્વારા એઓ એવો ઉચ્ચ પરમાર્થ કરે કે જેથી મને પણ તેમાં અમુક વિભાગ મળે. તેને માટે હું પરમાત્માની પ્રાર્થના કરૂં છું. મારા ઉત્પાદકો, સહાયકો, શુભેચ્છકો, ગ્રાહકો અને જૈન કોમના સ્થંભભૂત ગણાતા સાચા અગ્રણીઓની દિનપરદિન સર્વ પ્રકારે વૃદ્ધિ થાઓ, તેઓ પોતપોતાની ફરજ યથાર્થ સમજી તેનો યથાર્થ અમલ કરે એવી સદ્બુદ્ધિ તેમને પ્રાપ્ત થાઓ, અને જૈન કોમ સુખશાંતિ સાથે ઉન્નત દશાને પામો એવી અંતઃકરણપૂર્વક આશીષ આપીને હું મારા પ્રારંભેલા કાર્યમાં આગળ વધું છું. વાંચકોની શુભાશીષથી મારા આયુષ્યમાં પણ વૃદ્ધિ થશે એવો મને પૂર્ણ વિશ્વાસ છે.

# उपदेश रत्न कोश.

## સાર ઉપદેશ સંગ્રહ.

૧ જીવદયા (જયણા) ને ધર્મની જનેતા લેખી, સદાય
૨ ચપળ ઘોડા જેવી પાંચે ઇંદ્રિયોનું નિરંતર દમન
૩ પરને પ્રિય અને હિતરૂપ થાય એવુંજ સત્ય.
૪ સુશીલ–સદાચારી–સદ્ગુણી થવા સદ્વ્રતો આદરવાં.
૫ સુશીલ જનોની જ સંગતિ (સોબ
૬ ગુરૂ મહારાજનાં આજ્ઞા–વચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ નીચી નજર રાખી, જયણાથી, ચપળતા તજી, માનસર ચાલવું.
૮ સ્વચ્છ અને સાદો ડ્રેસ (પોશાક) પોતાની યોગ્યતા પ્રમાણે પહેરવો.
૯ સદાય સીધી–સરલ દ્રષ્ટિ રાખી સહુ સાથે હળી મળીને રહેવું.
૧૦ થોડું, જરૂર જેટલું, ગર્વ રહિત, માનસર, ડહાપણ ભર્યું, વિચારીને જ પ્રિય [1]પથ્ય અને [2]તથ્ય એવું વિવેકવાળું વચન જ બોલવું.
૧૧ આગળ પરિણામનો વિચાર કરી (દીર્ઘદ્રષ્ટિથી) કામ કરવું.
૧૨ ઉત્તમ કુળની લજ્જા–મર્યાદા સદાય સાચવવી (પાળવી).
૧૩ કોઈનું દીલ ન દુઃખાય–મર્મમાં ન વાગે એવું લક્ષ રાખીને ભાષણ કરવું.
૧૪ કોઇના ઉપર ખોટું આળ ન આવે એવું લક્ષ રાખીને ભાષણ કરવું.
૧૫ સામાનું હિત જળવાય, ખેદ ન ઉપજે એવું નમ્ર વચન કહેવું.
૧૬ કંઇ પણ સ્વાર્થબુદ્ધિ રાખ્યા વગર સહુના ઉપર ઉપગાર કરવો.
૧૭ કોઈએ આપણા ઉપર કરેલો ઉપગાર સદાય સ્મરણમાં રાખવો.
૧૮ દીન દુઃખી અનાથ જીવોને યોગ્ય આલંબન આપ્યાં કરવું.
૧૯ કોઈની પાસે દીનતા કર્યા વગર જાતમહેનતથી કમાઇ ખાવું.
૨૦ લાચારીથી કોઇ કંઈ જરૂરી માગણી કરે તો તે તત્કાળ યથાશક્તિ કબૂલ રાખવી.
૨૧ જરૂર પડે ત્યારે અદીનપણે વ્યાજબી દલીલ કરી બતાવવી.
૨૨ આપણાઈ અને પારકી લઘુતા ન થઇ જાય એવું લક્ષ રાખી વાકય બોલવું.
૨૩ ઘટતી રીતે આપણા દોષોની નિંદા કરવી અને પરગુણની પ્રશંસા કરવી.
૨૪ નિજ દોષની હાનિ અને સદ્ગુણની વૃદ્ધિ થાય તેમ લક્ષ રાખી વર્તવું.
૨૫ અતિ ઘણું નહિ હસતાં મંદ (સ્મિત હાસ્યની)જ ટેવ રાખવી.
૨૬ વેરીનો વિશ્વાસ નહિ કરતાં તેનાથી સદાય ચેતતા રહેવું.
૨૭ પ્રમાદ સમાન કોઈ કટ્ટો દુશ્મન જવલેજ હોઇ શકે.
૨૮ મદ (Intoxication) વિષય (Sensual Pleasures) કષાય (Anger, Pride etc.) નિદ્રા (Idleness) વિકથા (False Gossips) વિગેરે પ્રમાદ દોષો કહ્યાં છે તેને તજવા પ્રયત્ન કરવો.
૨૯ હિત વચનને અવગણી નિજ છંદેજ ચાલવું તે પ્રમાદ.
૩૦ પ્રમાદ દોષથીજ જીવને ભવભ્રમણ કરવું પડે છે.
૩૧ પ્રમાદ તજી હિતવચન આદરનાર સુખે સ્વશ્રેય સાધી શકે છે.
૩૨ સ્વશ્રેય અથવા ધર્મ સાધવાના રસ્તા ઘણા છે, ગમે તે રસ્તે સરલ સ્વભાવી સમતાવંત નિજશ્રેય–ધર્મને સાધે છે.

---

૧ હિતરૂપ થાય તેવું. ૨ સાચું–ખરું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૩ ધર્મ સમાન બીજો કોઇ વિશ્વવત્સલ-પ્રેમી બંધુ નથી, તેથી સુખના અર્થી જનોએ સદા સર્વદા તેનુંજ શરણુ કરવું યોગ્ય છે.

૩૪ ધર્મબંધુને વિસારી દેનાર જેવો બીજો હીણભાગી કોણ હોય ?

૩૫ શુદ્ધ ધર્મ એ આપણો નિષ્કારણ બંધુ છે.

૩૬ ધર્મવડેજ આપણે સુખી, અને તેના વગરજ આપણે દુ:ખી છીએ.

૩૭ વિશ્વાસુ (faithful) લોકોએ આપણામાં મૂકેલા વિશ્વાસને આપણે નભાવવો જોઇએ.

૩૮ ઉપગારીનો સામો ઉપગાર વાળવાની તક મળે તો તે સાધી લેવી.

૩૯ આપણા ઉપગારીનો ઉત્તમ દાખલો લઇ આપણે પણ ઉપગાર કરવોજ.

૪૦ સદ્ગુણી મહાશયોને જોઇ-જાણી દીલમાં બહુ રાજી થવું.

૪૧ સ્નેહ બાંધવો તો સજ્જનો સંગાતેજ.

૪૨ ક્રોધાદિક કષાય થઇ જાય તો તેમને તરતજ ગાળી-બાળી નાંખવા.

૪૩ પાત્ર પરીક્ષામાં કુશળતા વાપરવી હિતકારીજ છે.

૪૪ આપણાથી બની શકે તેટલાં સતકાર્યજ કરવાં.

૪૫ લોકાપવાદ ન થાય એવાં સારાં કાર્ય વિચારીને કુશળતાથીજ કરવાં.

૪૬ સહસાત્કાર નહિ કરતાં જે વિચારપૂર્વક સારાં શુભ કામ કરે છે તે ગુણી જનોને અંતે ધારી સંપદા આવી મળે છે.

૪૭ વિપત્તિ વખતે આકુળ વ્યાકુળ નહિ થતાં ધીરજ રાખતાં શીખવું.

૪૮ સુખ સાહેબી મળતાં મદ ન લાવતાં ક્ષમા-નમ્રતા-ગંભીરતા રાખતાં શીખવું.

૪૯ પ્રાણાન્ત સુધી પણ આદરેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવો.

૫૦ થોડામાંથી થોડું પણ પાત્રદાન દેવાની ટેવ રાખવી.

૫૧ અંધ રાગને તજી ગુણ-ગુણી ઉપર રાગ કરતાં શીખવું.

૫૨ પ્રિય વર્ગ સાથે પણ સભ્યતાથીજ બોલવા ચાલવાનું રાખવું.

૫૩ ક્લેશ-કજીયા કે કુસંપનો જલ્દી અંત આવે તેમ કરવું.

૫૪ કુસંગથી સદાય ડરતા રહેવું-આપણું હિત તપાસવું.

૫૫ લઘુવચના-બાળક પાસેથી પણ હિત આદરવું.

૫૬ ન્યાય-નીતિ-પ્રમાણિકતાનોજ માર્ગ કાયમ પસંદ કરવો.

૫૭ ગમે તેવી પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ ધારીને સમભાવે રહેવું.

૫૮ ઉત્સાહ વૃદ્ધિ થવા માટે સેવકના ગુણ તેની સમક્ષજ વખાણવા.

૫૯ ગુણવૃદ્ધિ માટે પુત્રાદિકના ગુણ પરોક્ષજ કહેવાનું રાખવું.

૬૦ સ્ત્રીના ગુણ તો પ્રત્યક્ષ કે પરોક્ષ વખાણવાથી તેને તેનો મદ આવી જવાનો સંભવ રહે છે તે વાત ખુબ લક્ષમાં રાખવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૧ હિતકારી છતાં પણ પ્રિય વચનજ બોલવાની ટેવ પાડવી.

૬૨ માતા, પિતાદિક વડીલોનો, રાજાદિ સ્વામીનો સંઘ સાધર્મિકનો તથા આપણા ગુરૂજનોનો વિનય સદાય સાચવવો.

૬૩ વિનય સર્વ ગુણનું મૂળ છે એ ચોકસ ધ્યાનમાં રાખવું.

૬૪ સેવા ચાકરી કરવી, અંતરનો પ્રેમ રાખવો, ગુણ સ્તુતિ કરવી, અવગુણ ન જોવા અને અવજ્ઞા–આશાતનાથી દૂર રહેવું એ બધાય વિનયનાજ પ્રકાર જાણીને આદરવા યોગ્ય છે.

૬૫ પાત્રવિશેષ સમજીને જે કંઇ દેવું તે નિજ કલ્યાણાર્થેજ દેવું.

૬૬ વિષ્ટામાંથી પણ રત્ન કાઢી લેવાની પેરે ગમે ત્યાંથી ગુણ ગ્રહણ કરી લેવો.

૬૭ સમય–પ્રસ્તાવ પામીને બોલાય તે અમૂલ્ય.

૬૮ ખળને પણ બહુ જનો મધ્યે મિષ્ટ વચનથી નિવાજવો.

૬૯ સ્વ પર વિશેષ જાણો અને સ્વ ઉન્નતિમાં આગળ વધો.

૭૦ જાણવાનું ફળ એજ છે કે ખોટું તજીને ખરૂં આદરી લેવું.

૭૧ બીજા મંત્ર તંત્રના ભામાં તજી, નવકાર મહા મંત્ર ઉપર અચળ શ્રદ્ધા રાખી બની શકે તેટલું તેનુંજ સેવન–આરાધન કરો.

૭૨ પર ઘરે એકલા જવાથી સંકટ આવે, તે ઉપર સુદર્શન શેઠનું ચરિત્ર યાદ કરો. સ્ત્રીઓનાં ગહન ચરિત્રની અહીં ઝાંખી થઇ શકે છે.

૭૩ ખરી મિત્રતા દૂધ પાણીની જેવી એક રસજ હોવી ઘટે છે. ત્યાં એક બીજાથી ગુહ્ય–અંતર રાખવાનું ઘટેજ કેમ ?

૭૪ સહુનું ભલુંજ ઇચ્છો. જેવાં આપણુ એવાંજ સહુ.

૭૫ આપણે જેવું કરશું તેવુંજ પામશું. વાવશું તેવુંજ લણશું.

૭૬ ગુણનો પણ ગર્વ કરવો હાનિકર છે તો બીજાનું પછી કહેવુંજ શું.

૭૭ 'બહુરત્ના વસુંધરા' એટલે પૃથ્વી ઉપર કંઇક નરરત્નો હોય છે.

૭૮ પ્રથમ શરૂઆતમાં સરલ–સુગમ કામ ન્હાના પાયા ઉપર આરંભવું, તેમાં ફત્તેહ થયાથી ધીમે ધીમે એ કામ વધારી મ્હોટા–સંગીન પાયા ઉપર લાવી મૂકવું, એમ ક્રમસર થયેલું કામ સુદ્રઢ–મજબૂત થશે.

૭૯ અભ્યાસબળથી ગમે એવું વિકટ કામ પણ સુલભ થઇ જાય છે, તેથીજ તેની પાછળ ધીરજ અને ખંતથી મચ્યા રહેવું પડે છે, એમ કરતાં કાર્યસફળતા થાય તો પણ તેનો ગર્વ કરવો ખોટો છે.

૮૦ ઉત્તમ જનો ગુણસમૃદ્ધિને પામી ફળેલા આમ્રવૃક્ષાદિકની પેરે લળી પડે છે, લઘુતા ધારે છે અને લોકપ્રિય બને છે.

૮૧ મોહ–મમતા વશ જીવો દુઃખી થાય છે અને જન્મમરણ ધારણ કરે છે. 'હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મ્હારૂં' યા 'અહંતા અને મમતા' એજ દુઃખનાં મૂળરૂપ છે. તેને કાપે તે સુખી થાય છે અને પરમાત્માનાં જ્ઞાનધ્યાનની ધારાથી એ દુઃખનાં મૂળ કાપી શકાય છે, એવો પુરૂષાર્થજ પ્રશંસનીય છે.

૮૨ ઉત્તમ પુરૂષાર્થી જનો ધન્ય–કૃતપુન્ય છે, તેમને અમારો નમસ્કાર હો.

૮૩ રાગ–દ્વેષ, મોહ–મમતા ને સર્વથા જીતે તે જિન, તેમનો ઉપદેશેલો ધર્મ તે **જૈન ધર્મ**, જે **અહિંસા, સંયમ** અને **તપ** લક્ષણ કહેલો છે.

૮૪ આવા પવિત્ર ધર્મને યથાર્થ ભાવે સેવી–આરાધી, જે મહાનુભાવો રાગ–દ્વેષ અને મોહનું અતુલ બળ ગાળે છે તેમને દેવતાઓ પણ નમસ્કાર કરે છે.

**સન્મિત્ર કર્પૂરવિજયજી.**

# तत्त्वज्ञान पामवानो अने तेने सफळ करी लेवानो चोखो अने सरल उपाय–विवेकाचरण.

" श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ;
आत्मनः प्रतिकुलानि, परेषां न समाचरेत् ॥ "

( श्रीमान् हरिभद्रसूरिः–लोक तत्त्व निर्णये. )

૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા ઉક્ત સમર્થ પુરૂષ પોતાના બહોળા શાસ્ત્રઅભ્યાસ અને આત્મઅનુભવથી ભવ્ય પ્રાણીઓના હિત માટે, શ્રેય માટે, કલ્યાણ માટે, શાસ્ત્રની આદિમાંજ ભાર દઇને ભલી રીતે બોધરૂપે જણાવે છે કે "અહો સુખાર્થી જનો ! જો તમને ખરૂં સુખ મેળવવાની અને દુઃખ માત્રને તિલાંજળી દેવાની ખરેખરી ઇચ્છા થતીજ હોય તો અહિંસાદિ ઉત્તમ ધર્મની ધુરાને ધોરીની પેરે ધૈર્યથી ધારણ કરી રહેનારા કોઈ નિઃસ્પૃહી જ્ઞાની ગુરૂની શુદ્ધ નિષ્ઠાથી સેવાભક્તિ ( વિનય બહુમાન ) સાચવી તેમની પાસે સત્‌શાસ્ત્રરહસ્ય રૂચિપૂર્વક શ્રવણ કરો અને તેનું સારી રીતે મનન કરી તેનું ઉત્તમ રહસ્ય તમારા કોઠામાં સારી રીતે જમાવો અને છેવટ તે મુજબ આચરવા પ્રયત્ન કરો. સ્વાનુભવથી જે કંઈ તમને પોતાને દુઃખરૂપ સમજાય તે અન્યને દુઃખરૂપ થાય જ, તેથી તેમ નહિ કરવા કાયમ લક્ષ રાખતા રહો. કેમકે જેવા આપણે તેવા સહુ. જૂઓ ! 'જગતમાં સહુ કોઇ જીવિત વાંચ્છે છે. કોઈ મરણ વાંચ્છતાં નથી.' તો પછી કોઈનું પ્યારૂં જીવિત અપહરી કેમ લેવાય ? એટલુંજ નહિ પણ સહુને નિજ આત્મસમાનજ લેખવા, સહુનું ભલુંજ ચાહવું, ભલુંજ થાય એમ વદવું અને બને તેટલું ભલુંજ કરવું બુરૂં તો કદાપિ કોઈનું ચાહવું, બોલવું કે કરવુંજ નહિ. 'જેવું વાવવું તેવું લણવું.' એ ન્યાયે આપવું તેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવું છે. સુખ આપીએ તો સુખ અને દુઃખ આપીએ તો દુઃખ. વારૂ ! ત્યારે તમને શું પ્રિય છે ? સુખ કે દુઃખ ? જો સુખજ પ્રિય છે, તો ત્રિકરણ શુદ્ધિથી સહુને સુખ રૂપ થાય તેવુંજ ચિંતવો, વદો અને આચરો. બસ ! સંક્ષેપથી એજ સુખનો ખુલ્લો માર્ગ–રાજમાર્ગ છે. તેજ નિર્ભય માર્ગે તમે પળો અને અન્ય યોગ્ય જનોને બોધો. કોઇને અપ્રિય અને અહિત રૂપ થાય એવું નહિ વદતાં પ્રિય, પથ્ય અને તથ્ય (સત્ય) અવિરૂદ્ધ વચન વિવેકથી વદો. આ બાબત વસુરાજાનો અને ગુરૂપુત્ર પર્વત તથા નારદજીનો સંવાદ વારંવાર લક્ષપૂર્વક સંભારતા રહો. રખે તમારાથી એવું એક પણ અનર્થકારી વાક્ય બોલાઇ ન જાય કે જેથી તમારે તેમજ શ્રોતાદિકોને ભવિષ્યમાં ઘણું સહન કરવું પડે. તેની પૂરતી સંભાળ રાખો, તે માટે ભરતપુત્ર મરીચિનું દૃષ્ટાંત યાદ કરતા રહો, અને સત્ય વ્યવહાર રાખો. ન્યાય નીતિ અને પ્રમાણિકતાનું પવિત્ર ધોરણ અડગપણે આદરો અને એથી ઉલટું ધોરણ કદાપિ પણ નહિ આદરો. તુચ્છ સુખ મેળવવા સ્વાર્થઅંધ નહિ બનતાં તેથી વિરક્ત બની નિઃસ્વાર્થપણાનો ઉત્તમ માર્ગ આદરતા રહો. સ્વનિયત સાફ રાખો, નિર્મલ શીલ (સદાચાર) નું સદાય સેવન કરો, પરસ્ત્રીને તો નિજ માતા ભગિની કે પુત્રીવત્ બરાબર લેખો. મનથી, વચનથી, ચક્ષુથી કે સ્પર્શથી પણ કદાપિ કુશિલતા ન સેવવા પૂરતું લક્ષ રાખો. સંતોષવૃત્તિ ધારીને કૃપણતાદિક દોષ નિવારો અને બને તેટલો પરોપકાર સાધો. સાધન કરી લેવાની આવી અનુકૂળ તક મળવી વારંવાર દુર્લભ છે એ પુનઃ પુનઃ સંભારી રાખો. જેમ તત્ત્વજ્ઞાન સંબંધી ફેલાવો થાય અને તૈયાર તત્ત્વવેત્તાઓ થાય તેમ કરો. જે સખાવતો કરો યા કરવા બીજાને ભલામણ કરો તે આવે યોગ્ય માર્ગે થાય અને અત્યંત લાભદાયક થાય એમ નિઃશંક માનો જાણો અને આદરો.

વળી સંસારને વધારનારા અને જન્મ મરણનાં અનંત દુઃખમાં વારંવાર અટપાવનારાં ક્રોધ, અહંકાર, માયા–કપટ અને લોભ એ સકળ કષાયોને ઉત્તમ પ્રકારની ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ વૃત્તિવડે નિર્મૂળ કરવા ખુબ યત્ન કરો. જેમ બને તેમ સામ્ય–સમતા અમૃતનું સેવન કરીને રાગ અને દ્વેષનું વિષ દૂર કરો. તેમજ કલેશ કંકાસ અને કુસંપને કાપવા અને સુલેહ શાંતિ અને સુસંપને સ્થિર સ્થાપવા ભગીરથ પ્રયત્ન કરો. શત્રુને પણ ખોટું આળ નહિ દેતાં તેમાં રહેલું સત્યજ શોધી કાઢવા ટેવ પાડો. નારદ વિદ્યાવડે એક બીજા પક્ષને લડાવી નહિ મારતાં ડહાપણ બતાવી સમાધાનીના શુભ માર્ગ ઉપર લાવવા પ્રયત્ન સેવો. પ્રારબ્ધ યોગે પ્રાપ્ત થયેલાં સુખ દુઃખમાં હર્ષ ખેદ ધારી મુંઝાઈ નહિ જતાં તેમાં સમભાવે રહેવાનું પસંદ કરો. પરગુણ–દોષ નિંદા કે આત્મશ્લાઘા ( આપબડાઈ ) નહિ કરતાં પરગુણ–રાગ અને આત્મલઘુતા આદરતા શીખો. દાંભિક ક્રિયા ( બગધ્યાન ) અને અન્યની ખોટી ખુશામત નહિ કરતાં શુદ્ધ નિષ્કપટ પણે યથાશક્તિ શુભ કરણી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્ય કથન કરવા લગારે સંકોચ ધારો નહિ. છેવટમાં નિઃશંકપણે શુદ્ધ તત્ત્વ ઉપર અડગશ્રદ્ધા ધારી તન્મયપણે શુદ્ધ તત્ત્વની જ સેવા–ઉપાસના કરો. એજ સકળ હિત, શ્રેય અને કલ્યાણકારી માર્ગ છે, અને સત્ય સુખના અર્થીજનોએ ખરેખર આરાધવા યોગ્ય છે. કિંબહુના! ઇતિશમ્. (મુ. ક. વિ.)

# अहिंसा संबंधी हित–उपदेश.

યોગશાસ્ત્રકાર શ્રીમાન્ **હેમચંદ્રસૂરિ** કહે છે કે કુલાચારથી, હિતબુદ્ધિથી કે ધર્મ સમજીને પણ કરેલી પ્રાણીહિંસાથી કુળ ક્ષય, હિત હાનિ અને ધર્મ લોપ થવા પામે છે, તો જે કોઈ કેવળ કૌતુકાદિકથી આખેટક (મૃગયા) કર્મ કરતાં જીવતા પશુ પક્ષી વિગેરે પ્રાણીઓની ઇરાદાપૂર્વક હિંસા કરે છે, યા કરાવે છે, યા કરનારને અનુમોદન આપે છે તેમની પાપ કથાનું તો કહેવુંજ શું? તેથી અત્યંત પાપ લાગે છે. આ પ્રસંગે શાંતનુ રાજાને તેની પતિવ્રતા ગંગા રાણીએ નિજ કર્તવ્ય સમજી આપેલો સદ્બોધ (શિક્ષા અને ચેતવણી) અને પોતાના જ પુત્રથી એવેજ પ્રસંગે પોતાનો થયેલો પરાભવ હિતચિંતક પુરૂષોએ લક્ષ પૂર્વક વાંચીને ધડો લેવા યોગ્ય છે. વળી વિવાહ ગૌરવ માટે વાડાઓમાં એકઠા કરેલા પશુઓના પોકાર સાંભળી પરમ કરૂણાવંત શ્રી નેમિકુમારે વિવાહ કરવાનુંજ બંધ રાખી તે બધાય પશુઓને મુક્ત કરી દેવા આપેલો હુકમ અને એ પ્રસંગે બધાય પશુઓ તરફથી નેમિકુમાર પ્રત્યે એક હરણીયા મારફત ગુજારવામાં આવેલી હૃદયવેધક અરજ પણ અવશ્ય ધ્યાનમાં લેવા જેવી છે. જેનો સ્પષ્ટાર્થ માત્ર એટલોજ છે, કે 'અનાથ અને અનપરાધી એવા અમને સહુને હે પ્રભો! હે નાથ! રક્ષો રક્ષો!!' આ ઉપરથી બીજાનો ગમે તેટલો આગ્રહ છતાં વિવાહનો પણ ત્યાગ કર્યો, અને નિરપરાધી પશુ પંખીઓનો નાહક વિનાશ કરનારા દુષ્ટ જનોને એક સજ્જડ દાખલો સ્વાર્થ ત્યાગથી બતાવી આપ્યો. એ મહાપુરૂષોને પવિત્ર પગલે ચાલી સ્વપર હિતની રક્ષા કરવા સહુ પ્રાણીવર્ગ ઉપર સમાનતાવાળી બુદ્ધિથી મૈત્રીભાવ ધારવો એ દરેક અમીર, અધિકારી કે ક્ષત્રીય બચ્ચાઓની પણ ફરજ નથી શું? હિંદની યા હિંદવાસીઓની અવદશાનું કારણ શોધવા કોને ગરજ છે? અને તેની આબાદી પુનઃ સંપાદન કરવાના ખરાં કારણો ગવેષવાની કોને જરૂર છે? જે દેશમાં જ્યારે અહિંસા યા દયાદેવીની સંપૂર્ણ દક્ષતાથી સેવા–ભક્તિ સચવાય તે દેશમાં ત્યારે કોઇ પ્રકારનું સુખ દૂર હોઇ શકે? અને દુઃખ ટકી શકે? નહિજ. (મુ. ક. વિ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિતશિક્ષાના રાસનું રહસ્ય.

( અનુસંધાન ગતવર્ષના પૃષ્ટ ૩૭૮ થી )

મોટે માગ્યું જે દીએ, નાપે[1] શૂખ્યો શરણ;
પૂછ્યા ઉત્તર જે કહે, એ જગ વિરલા ત્રણ. ૧
બુદ્ધિ શરીરે ઉપજે, દીધી કેતી હોય;
જળ મધ્યે કચ્છપ[2] વસે, તરી ન જાણે સોય. ૨

કર્તા પ્રથમના દુહામાં કહેલા ત્રણ વિરલા પુરૂષોમાં કેશી ગણધર મહારાજનો સમાવેશ કરે છે. એમણે પરદેશી રાજાના મોં માગ્યા તાત્કાળિક ઉત્તર આપ્યા કે જેથી તે પ્રતિબોધ પામ્યો. ગુરૂએ તેને શ્રાવક કર્યો અને સુરપદવી આપી. કેવી રીતે સુરપદવી આપી તે આગળ કહેવાશે. જેણે એક પાપી જીવને ધર્મ પમાડ્યો અને સાચો જૈન ધર્મ સમજાવી અંગીકાર કરાવ્યો તેણે ત્રણ ભુવનમાં અમારી પડહ વગડાવ્યો એમ સમજવું. સમ્યગ્ ધર્મના દાતાર ગુરૂ મહારાજનો શાસ્ત્રકાર કહે છે કે કોઇ રીતે પ્રતિકાર કરી શકાતો નથી અર્થાત્ તેના કરતાં હજાર, લાખ કે ક્રોડ ગણો બદલો આપતાં પણ બદલો વળી શકતો નથી. પરદેશી રાજા ધર્મ પામવાથી ગુરૂમહારાજની અનેક પ્રકારે ભક્તિ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે–' હે મહારાજ ! તમારા એકાંત ઉપકારી જીવિતને ધન્ય છે. તમે મને પશુમાંથી મનુષ્ય કર્યો, હું મહા મિથ્યાત્વી હતો તેનો શ્રાવક બનાવ્યો. આપનો ઉપકાર હું કદી પણ ભૂલી શકું તેમ નથી. '

હવે પરદેશી રાજાને સૂરિકાંતા નામે રાણી છે. તે અત્યંત વિષયાસકત છે. પરદેશી રાજા ધર્મ પામવાથી તેની વિષયવૃત્તિ વિરામ પામવાને લીધે સૂરિકાંતાને તેનાથી વિષયતૃપ્તિ થઈ શકતી નથી. તેથી તે પરપુરૂષ સાથે લંપટ થઇ, તેને સ્વાર્થ નહીં સરવાથી વહાલો પતિ અકારો લાગવા માંડ્યો, પતિના ઉપરથી પ્રેમ ઉતરી ગયો એટલુંજ નહીં પણ તે પોતાનાં સ્વેચ્છાચારીપણામાં ફાંસરૂપ લાગવા માંડ્યો. તેણે પોતાના પુત્રને કહ્યું કે ' તું તારા પિતાને હણી નાખે તો તને વહેલું રાજ્ય પ્રાપ્ત થાય. ' પુત્રે તે વાત ન સ્વીકારી. પોતાની માતાના આવા દુર્વિચાર માટે તેને ઘણો ખેદ થયો, પરંતુ એ વાત તે કોઇની પાસે કહી શકયો નહીં, કેમકે કોઇને કહેવા જતાં તેમાં પોતાની માતાની ફજેતી થાય અને હલકાઈ દેખાય. સુપુત્ર એવું કેમ કરે ?

જ્યારે પુત્રે એ વાત માની નહીં ત્યારે સૂરિકાંતાએ પોતાને હાથેજ એ પાપકર્મ કરી વચ્ચેથી ફાંસ કાઢી નાખવા ધાર્યું. તેણે વિચાર્યું કે ' જો આ પતિ ન હોય

---

૧ ન આપે. ૨ કાચબો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પુત્ર તો બોલી શકે તેમ નથી, તે હજુ નહાનો છે, વળી મારા દુરાચાર સામે તેને આંખ આડા કાન કર્યા સિવાય છુટકો નથી. ' આમ વિચારીને એક દિવસ પરદેશી રાજાએ પૌષધોપવાસ કર્યો હતો તેને પારણે તેણે ભોજનમાં વિષ ભેળીને ખાવા આપ્યું. થોડા વખતમાં વિષની અસર થવા માંડી એટલે વિચક્ષણ રાજા રાણીના એ દુષ્કૃત્યને સમજી ગયો, છતાં તેના પર કિંચિત્ પણ રોષ ન લાવતાં પોતાના દુષ્કર્મનો ઉદય સમજવા લાગ્યો. રાજાને વિષ અપાયાની વાત ગામમાં વિસ્તાર પામતાં મંત્રી, સામંત, શેઠ શાહુકારાદિ એકઠા થઇ ગયા. રાજવર્ગ પણ એકત્રિત થયો. રાણી કપટમિશ્રિત કલ્પાંત કરવા લાગી. વિષ નિવારણને માટે અનેક પ્રકારના ઔષધ ઉપચારો થવા લાગ્યા. તે વખતે મહા દુશ્ચારિણી સૂરિકાંતાએ વિચાર્યું કે ' જો આમાંથી રાજા ઉભા થશે તો જરૂર મારાં પાપકૃત્યનો મને અસહ્ય બદલો આપશે. માટે હવે તો કોઈ રીતે તેને જીવવા નજ દેવા. ' આમ વિચારી એકદમ રોતી રોતી આવીને પરદેશી રાજાની ઉપર પડી અને ગળે નખ દઈ દીધો; એટલે તેજ વખત પરદેશી રાજા સદ્ધ્યાનપરાયણપણે મૃત્યુવશ થઈ ગયો. પ્રાંત સમયના ધર્મારાધનના બળથી મરણ પામીને તે પ્રથમ દેવલોકમાં ઇંદ્રનો સામાનિક **સૂર્યાભ** નામે દેવતા થયો. તીવ્ર પાપી સૂરિકાંતા પણ મનઇચ્છિત ભોગ ભોગવવા જીવી શકી નહીં, તે પણ તેજ દિવસે સર્પ ડસવાથી મરણ પામીને નરકે ગઇ. **અત્યુગ્ર પુણ્ય પાપનું ફળ તત્કાળ જ પ્રાપ્ત થાય છે.**

આ કથાનકમાંથી ખાસ રહસ્ય એ લેવાનું છે કે પરદેશી રાજાને પોતાની રાણીએ ઝેર આપ્યાનું જાણ્યા છતાં સહનશીળતા કેવી રાખી ? એવી સહનશીળતા રહે ત્યારે ક્રોધનો અમુક અંશે નિરાસ કર્યો એમ કહેવાય. ક્રોધનો સર્વાંશે નિરાસ કરવા માટે તો હજુ એના કરતાં પણ ઉચ્ચ કોટીના જીવનની અપેક્ષા છે. અપ્રમત્ત મુનિ મહારાજા જે ક્ષમા રાખે છે તે આ કરતાં અનેકગુણી વધી જાય તેવી હોય છે. શ્રી પાર્શ્વનાથ પરમાત્માના ચારિત્રમાં એજ ગુણ અત્યંત વ્યાખ્યાનને પાત્ર થયો છે કે તેમણે પ્રાણાંત ઉપસર્ગ કરનાર કમઠ ( મેઘમાળી ) અને તેનું નિવારણ કરનાર ધરણેંદ્ર ઉપર સમભાવ રાખ્યો. વીર પરમાત્માના ચરિત્રમાં પણ તે વિભાગ જ ખાસ પ્રશંસનીય છે કે અનેક પ્રકારના પ્રાણાંત ઉપસર્ગ કરનાર સંગમદેવ ઉપર પણ તેમને દયા આવી અને તેથી નેત્રો આર્દ્ર થયા. જૈન દર્શનમાં બતાવેલી આવી ઉચ્ચતર ક્ષમા અન્ય કોઈ દર્શનમાં મળવી દુર્લભ છે.

આવી ક્ષમા પરદેશી રાજાએ બતાવી તેમાં ગુરૂમહારાજના ઉપદેશનો પ્રતાપ સમજવો. કેશીગણધર મહારાજાએ સમ્યક્ત્વ ઉચ્ચરાવતાં સ્પષ્ટ સમજાવ્યું હતું કે સમકિતના પાંચ લક્ષણમાં **શમ** તે મુખ્ય છે. ઉપશમવડે સર્વ ગુણ પ્રાપ્ત થઈ શકે છે. શ્રામણ્યનો સાર પણ ઉપશમજ કહેલ છે. જો તેને અંત સમયે સૂરિકાંતાની ઉપર દ્વેષ જાગ્યો હોત તો તેની આવી ઉત્તમ ગતિ થઇ શકત નહીં. જોકે આવી ક્ષમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રી–પોતાની સ્ત્રી પોતાને જ વિષ આપે તે સહન કરવું, એટલુંજ નહીં પણ તે સંબંધી મુખે ઉચ્ચાર પણ ન કાઢવો એ થોડું મુશ્કેલ નથી; પરંતુ ગુણની કિંમત પણ તેવેજ વખતે છે, ખરી ક્ષમાની ઓળખાણ ત્યારેજ પડે છે, અને તેનું ઉચ્ચતર ફળ પણ ત્યારે જ મળી શકે છે.

કેશી ગણધર જેવા ઉત્તમ ગુરૂ સ્થાને સ્થાને મળવા દુર્લભ છે. ઉત્તમજીવો-નેજ તેવા સદ્દગુરૂનો સંયોગ પ્રાપ્ત થાય છે. જે ગુરૂ ખરૂં જ્ઞાન મેળવેલા હોતા નથી તે ધર્મકથા–ધર્મદેશના પણ યથાર્થ આપી શકતા નથી; કેમકે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સમજીને દેશના આપવાનું વિધાન તેઓ જાણતા નથી, ઉત્સર્ગ અપવાદ માર્ગને સમજતા નથી, તેથી તેનો ક્યાં ઉપયોગ કરવો યોગ્ય છે તે ન જાણવાથી ઉત્સર્ગને સ્થાને અપવાદનો અને અપવાદને સ્થાને ઉત્સર્ગનો ઉપદેશ આપે છે. શાસ્ત્રકાર કહે છે કે " આવા મૂર્ખ જીવો યતનાવંત પણ હોઇ શકતા નથી. વળી યતનાનું સ્વરૂપ ન સમજવાથી વાસ્તવિક યતના તેઓ પાળી શકતા નથી. પોતે અગીતાર્થ હોવાથી ગચ્છમાં બાળ, વૃદ્ધ, ગ્લાન વિગેરેની કેમ સંભાળ લેવી તે ન સમજવાથી ગચ્છ પણ બરાબર ચલાવી શકતા નથી. કોઇ પ્રાયશ્ચિત્ત લેવા આવે તો પોતે પ્રાયશ્ચિત્ત આપવાનું સ્વરૂપ યથાર્થ ન સમજતા હોવાથી ઓછું વધતું પ્રાયશ્ચિત્ત આપે છે, એટલે તેને તીર્થંકર ભગવંતની આશાતનાનો દોષ પ્રાપ્ત થાય છે. તેથી મિથ્યાત્વ આવે છે ને સમકિત નષ્ટ થાય છે. વળી એવી આશાતના વારંવાર કરવાથી સંસાર વધે છે. એવા અગીતાર્થની નિશ્રાએ રહેનારા પણ તેના પાતકને પુષ્ટિ આપનારા થાય છે. વળી એવા અગીતાર્થ પ્રાંતે પોતાનો ગચ્છ પોતાના જેવા અગીતાર્થનેજ સોંપી જાય છે, તેથી ઉન્માર્ગની ક્રમે ક્રમે વૃદ્ધિ થાય છે. એવા અબહુશ્રુત જે તપાનુષ્ઠાનાદિ કરે તે પણ અજ્ઞાતપંથે ચાલવા જેવું કરે, તેથી કર્મનિર્જરા ન થતાં ઉલટો કર્મનો બંધ થાય. એવા અબહુશ્રુત પોતે તરે નહીં અને બીજાને તારી પણ શકે નહીં. એવા અલ્પાગમ(અબહુશ્રુત)નો તપ ઉપદેશમાળાદિકમાં ક્લેશરૂપજ કહ્યો છે, કેમકે તેમાં પરમાર્થની ઘણી ખામી હોય છે. શ્રુત ભણનાર પણ જો શ્રુતનું રહસ્ય ન જાણે અને માત્ર સૂત્ર અનુસારેજ ચાલે તો તેને પણ ખરો માર્ગ લભ્ય થઈ શકતો નથી. તેનો તપ પણ અજ્ઞાનરૂપ કહેલ છે. જેમ કોઇ પંથી અન્યને પંથ પૂછે તે પંથી પંથનો પૂરો માહીતીવાળો ન હોવાથી માર્ગની રેખા માત્ર બતાવે, તેથી પૂછનાર પંથીને ખરો માર્ગ પ્રાપ્ત થાય નહીં, તેમ મુનિ પણ એકલા સૂત્રના અભ્યાસથી માર્ગને સમજી શકે નહીં. તેના અર્થ અને રહસ્યને સમજનાર ગુરૂમહારાજના ચરણને સેવી તેમની પાસેથી શ્રુતનું રહસ્ય મેળવે તેજ ખરો માર્ગ સમજી શકે. "

કર્તા કહે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂત્રભેદ સમજે નહીં, ચરિત્રતણો નહીં જાણ;
અવસરે સભા ન ઓળખે, તે શું કરે વખાણ. ૧
યોગ્ય અયોગ્ય જાણે નહીં, જિમ તિમ દિયે ઉપદેશ;
પંખિણી સુઘરીની પરે, પામે તેહ ક્લેશ. ૨

સુઘરી જાતિની એક પક્ષીણીએ વાનરને શિતઋતુમાં ટાઢથી ધ્રુજતો દેખીને ઉપદેશ આપ્યો કે–' બે હાથ છે, બે પગ છે, આકૃતિએ મનુષ્ય જેવો દેખાય છે, છતાં ટાઢની પીડાને હરનાર એવું ઘર કરીને કેમ રહેતો નથી ? ' આવો ઉપદેશ સાંભળીને વાનર બોલ્યો કે–' હે સૂચીમુખી ! દુરાચારી ! રંડે ! પંડિતવાદિની ! હું ઘર બનાવવાને તો સમર્થ નથી પણ મને ઘર ભાંગી નાખતાં આવડે છે. ' આમ કહીને તેણે બીચારી સુઘરીનો માળો વીંખી નાખ્યો. આ દૃષ્ટાંત ઉપરથી કહ્યું છે કે–

उपदेशो न दातव्यो, यादृशे तादृशे नरे ।
पश्य वानरमूर्खेण, सुगृही निगृही कृता ॥

' જેવા તેવા માણસને ઉપદેશ ન આપવો, પ્રથમ માણસ ઓળખી તેને જો પોતાના ઉપદેશથી સારી અસર થાય તેમ હોય તોજ ઉપદેશ આપવો. જુઓ, માણસ ઓળખ્યા વિના ઉપદેશ આપ્યો તો મૂર્ખ વાનરે સુઘરીને ઉલટી ઘર વિનાની બનાવી દીધી. '

મનુષ્યે બનતા સુધી મિષ્ટ ભાષણજ કરવું કે જે સર્વને પ્રિય લાગે. તેને માટે કહ્યું છે કે–

रे जिह्वे कटुकस्नेहे, मधुरं किं न भाषसे ।
मधुरं वद कल्याणी, लोकोऽयं मधुरप्रियः ॥

" હે કડવું બોલવામાં પ્રીતિવાળી જીહ્વા ! તું મધુર શા માટે બોલતી નથી ? તેમાં તને પૈસા શું બેસે છે ? માટે હે કલ્યાંણી ! તું મધુરજ બોલ, કેમકે લોક મધુર વાણી સાંભળવાને ઇચ્છનાર–મધુર પ્રિયજ છે. "

જે મનુષ્ય પ્રિય બોલી જાણતો નથી, તે લોકોના વ્યાખ્યાનને પાત્ર થઇ શકતો નથી. વળી તેવા માણસ પકડેલી વાત મૂકી પણ શકતા નથી. આગ્રહજ કર્યા કરે છે. જુઓ ! જે માણસ બરાબર બેસી જાણતો નથી તેને પણ લોકો મૂર્ખ કહે છે. બેસવામાં પણ ડહાપણની જરૂર પડે છે.

અહીં કર્ત્તાએ પ્રસંગે મુહપત્તિ સંબંધી વ્યાખ્યા કરી છે. આ રાસના કર્ત્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહજાનંદજીના વખતમાં વ્યાખ્યાનાદિ પ્રસંગે મુખે મુહપત્તિ બાંધવાનો પ્રચાર હશે એમ તેના લેખ પરથી સમજાય છે. તે કહે છે કે—

મુખે બાંધી તે મુહપત્તિ, હેઠે પાટો ધારિ;
અતિ હેઠી દાઢી થઇ, જોતર ગળે નિવારિ. ૧
એક કાને વજ સમ કહી, ખંભે પછેડી ઠામ;
કેડે ખોશી તે કોથળી, નાવે પુણ્યને કામ. ૨

પ્રસંગોપાત આટલું કહીને કર્ત્તા પ્રારંભ કરેલી હકીકતનો ઉપસંહાર કરે છે કે 'રાગી, દ્વેષી, મૂઢ અને પૂર્વ વ્યુદ્ગ્રાહિત—એ ચાર પ્રકારના મનુષ્યો ધર્મને અયોગ્ય હોવાથી પંડિત પુરૂષ તેવા મનુષ્યોને ઉપદેશ આપતા નથી.'

કાળિકાચાર્ય જેવા સત્યવાદી ગુરૂને ધન્ય છે કે જેમણે પ્રાણાંત કષ્ટના ભયમાં પણ **દત્તરાજાએ** યજ્ઞનું ફળ પૂછતાં સત્ય ઉત્તર આપ્યો. જે મનુષ્ય પ્રકટપણે યથાસ્થિત ન કહે તે બોધિબીજને હણે છે અને જન્મ જરા મરણ રૂપ સમુદ્રમાં ડુબે છે—સંસારમાં પરિભ્રમણ કરે છે. ઉત્સૂત્ર બોલવાથી પ્રાણી ચીકણાં કર્મ બાંધે છે, અનંત સંસાર વધારે છે અને ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. જે મનુષ્ય માયામૃષાવાદી હોય છે તે પણ સંસારમાં ભમે છે. ધર્મમાં તો માયા હોઇ શકેજ નહીં, તેથી ધાર્મિક પ્રસંગમાં તો કપટકળા કદી પણ કરવી નહીં, પરનું રંજન કરવા સદોષ વચન બોલવું નહીં, સત્ય વાત લજ્જા વિના કહી દેવી, ધર્મમાં તો એવા માયા—કપટનો અને અસત્યનો ઉકરડો કે જેથી ભવવૃદ્ધિ થાય તે હોતોજ નથી. કપટ, વંચના, છળ એ સર્વ તજવા યોગ્ય છે, દેવતા હો યા મનુષ્ય હો જે છળકપટાદિ કરે તે બધાં ભવવૃદ્ધિ કરે છે, સર્વને એકસરખું કહેનાર જ ખરા મુક્તિપંથના દર્શક હોઇ શકે છે. ઉત્તમ મનુષ્યો જેવું સભામાં બોલે છે તેવુંજ એકાંતમાં પણ બોલે છે. લોક દેખતાં જેવાં આચરણ આચરે છે, એકાંતમાં પણ તેની પ્રવૃત્તિ તેવીજ હોય છે. સુતાં, જાગતાં, ઉઠતાં, બેસતાં જેની એકસરખી પ્રવૃત્તિ હોય છે તેનું જ્ઞાનજ વખાણને પાત્ર છે, તેજ ખરી સમજણવાળો છે. કર્ત્તા કહે છે કે 'ધર્મકથા સાંભળીને પછી શક્તિ અનુસાર અવશ્ય શુભ પ્રવૃત્તિ કરવી, કેમકે આ જગતમાં ક્રિયા વિના અર્થાત્ ચારિત્ર વિના કોઇ તરી શકતું નથી.'

જે મનુષ્ય નિર્મળ જ્ઞાન મેળવ્યા છતાં પણ જો ક્રિયા કરતા નથી તો તે સંસારમાં પડ્યા રહે છે, તેનો પાર પામી શકતા નથી, સાંસારિક ભોગના ત્યાગની વાતમાં તેને સ્વાદ આવતો નથી. જે કોઇ તરી જાણે છે પણ હાથપગ હલાવીને તરતા નથી તો તે ઉંડા ચાલ્યા જાય છે. ચારિત્ર વિના જ્ઞાન શા કામનું છે? જો સમજ્યા પ્રમાણે ક્રિયા કરે તોજ તેનું જ્ઞાન ઉપયોગી છે, તે જીવનેજ શુકલપક્ષી[1] કહેલ છે. સમકિતદષ્ટિ હોય કે

[1] જેનો અર્ધ પુદ્ગળ પરાવર્ત્તની અંદર સંસાર હોય તે શુકલપક્ષી કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિથ્યાદષ્ટિ હોય પણ જો તે ક્રિયાવાદી છે, ક્રિયા કરવામાં તત્પર છે, તો તે પરિણામે સિદ્ધિસુખને અવશ્ય પામે છે. જ્ઞાની મનુષ્ય જો અલ્પ તપ અને ક્રિયા કરે તો પણ તે ઘણો કર્મક્ષય કરે છે; અજ્ઞાની તેના કરતાં અતિશય તપ કરવાથી પણ તેટલો કર્મક્ષય કરી શકતો નથી; બહુ અલ્પ લાભ મેળવે છે. **તામલી** તાપસે અને **પૂરણ** તાપસે અત્યંત તપકષ્ટ કર્યું પરંતુ તે જ્ઞાનસંયુક્ત નહોતું તેથી માત્ર ઇંદ્રપદવીજ તેમને પ્રાપ્ત થઇ, તેનાથી સર્વ કર્મનો ક્ષય થયો નહીં અને સિદ્ધિસામ્રાજ્ય મેળવી શકયા નહીં. જ્ઞાની હોય પણ જો શ્રદ્ધા ન હોય તો તેની પણ અનેક પ્રકારની તપક્રિયા **અંગારમર્દક** આચાર્યની જેમ નિષ્ફળ જાય છે, અને સંસારમાં પરિભ્રમણ કરે છે. આ પ્રમાણે હોવાથી જ્ઞાન, સમકિત ( શ્રદ્ધા ) અને ચારિત્ર એ ત્રણેની આવશ્યકતા છે, ત્રણે સાથે હોવાથીજ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે. ગુરૂમહારાજની વાણી ( દેશના ) સાંભળીને શ્રાવક એ ત્રણે પ્રકારને સ્વીકારે છે.

પછી ગુરૂમહારાજને ખમાસમણ વડે વંદન કરી ઇચ્છકારી સુહરાઇ ઇત્યાદિ વડે શ્રાવક સુખસાતા પૂછે છે. આ પ્રમાણે ગુરૂને સુખસાતા પૂછવાથી પ્રાણી હળુ-કર્મી થાય છે. ગુરૂમહારાજને વિધિપૂર્વક વાંદવાથી ચિરકાળના સંચય કરેલાં પાપ નાશ પામે છે. આત્મા નિર્મળ થાય છે. ગુરૂને સુખસાતા પૂછ્યા પછી ચાર પ્રકારના પ્રાસુક ને એષણીય આહારને માટે તેમજ વસ્ત્ર, પાત્ર, કંબળ, પાદપ્રોંછનક, પીઠ, ફલક, સય્યા, સંસ્તારક, ઔષધ અને ભૈષજને માટે ગુરૂને નિમંત્રણા કરવી. એટલે 'એમાંની જે વસ્તુનો ખપ હોય તે લેવા પધારજો' એમ કહેવું. ગુરૂમહારાજ તેના ઉત્તરમાં કહે છે કે 'જેવો અવસર' અર્થાત્ અવસર યોગ્ય કરશું. ખપ હશે તો લેવા આવશું અને શુદ્ધમાન મળશે તો ગ્રહણ કરશું.

આ પ્રમાણે નિમંત્રણ કરી શુદ્ધ ( નિર્મળ ) મનથી ધર્મદેશના સાંભળવા આવનાર શ્રાવક પોતાને ઘરે આવે. કર્તા કહે છે કે 'જે નિશ્ચળ મને ધર્મદેશના સાંભળે તે તેના ભેદ યથાર્થ સમજી શકે,' અન્ય સમજી શકે નહીં, હવે ઘરે આવીને શ્રાવક શી રીતે ઘરમાં પ્રવેશ કરે અને પછી પચ્ચખ્ખાણ પારીને દંતધાવનાદિ ક્રિયા શી રીતે કરે તે કર્ત્તા કહે છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्फुट नोंध अने चर्चा.

આ માસિક આ અંકથી ચોત્રીશમા વર્ષમાં પ્રવેશ કરે છે. ગતવર્ષના લેખોની સમાલોચના અને હવે પછી ભવિષ્યમાં આ માસિકમાં કેવા લેખો આવશે તે સંબંધમાં સંપૂર્ણ માહીતી આ અંકના અગ્ર લેખમાં આપવામાં આવી છે. આ વરસથી આ માસિકમાં ઉપરના મથાળા નીચે નવીન નાના લેખો શરૂ કરવામાં આવે છે. અત્યારે જૈનકોમમાં ઘણા નાના નાના પ્રશ્નો ચર્ચવા લાયક છે, અનેક બાબતો ઉપર વિચાર કરવા જેવું છે, તેવાં બધાં પ્રશ્નો અને બાબતો આ લેખમાં દાખલ કરવામાં આવશે, અને તેવી બાબતો ઉપર અમારો અભિપ્રાય આ વિષયમાં જણાવવામાં આવશે. વળી કોઈ સારાં પુસ્તકો અને માસિકનાં ઉત્તમ વિચારો પણ આ લેખમાં પ્રકટ કરવામાં આવશે. ઉપયોગી ચર્ચા કરવા લાયક બાબતો તરફ અમારૂં ધ્યાન ખેંચવાની અમારાં ગ્રાહકો અને વાંચકોને અમે વિજ્ઞપ્તિ કરીએ છીએ.

* * * * * * * *

અમારાં સુજ્ઞ ગ્રાહકોને એક બાબત જણાવવાની જરૂર છે કે આવા છાપવાનાં કાગળો તથા સાધનોની ચોગણી મોંઘવારીના સમયમાં પણ જ્યારે બીજા માસિકોએ લવાજમ વધાર્યા છે ત્યારે ચાલતાજ લવાજમે આ માસિક ચલાવવાનું અમોએ નકી કર્યું છે. વળી પૃષ્ટસંખ્યા ઘટાડવાની ઇચ્છા હતી તે પણ મુલતવી રાખી કાગળમાં કાંઇક ફેરફાર કરી ચાલુ પૃષ્ટસંખ્યાથીજ આ માસિક બહાર પાડવાનું અને ભેટની બુકો પણ આપવાનું અમે ચાલુ રાખ્યું છે. ગ્રાહકોની ફરજ છે કે આવી મોંઘવારીના સમયનો વિચાર કરી આ માસિકના ગ્રાહકો વધારી આપવાની અને લવાજમ તાકીદે મોકલી આપવાની વિનંતિ તેઓ સ્વીકારશે.

* * * * * * * *

ઘણી વખત આ માસિક માટે બોલાતું અમારા સાંભળવામાં આવ્યું છે કે તેમાં જુની પદ્ધતિનાંજ લેખો લખવામાં આવે છે, નવીન જમાનાને અનુસરીને કાંઇ પણ લેખ લખવામાં આવતાંજ નથી. આવી ટીકા કરનારા ઘણા ગૃહસ્થોમાંથી કેટલાક માસિકનાં લેખો વાંચ્યા વગરજ ટીકા કરે છે, બાકી ઘણાક ઉપરનાં મથાળાં જોઇ લેખનું હાર્દ તપાસવાની ફુરસદ લેતા નથી; બાકી અમારા વાંચકોમાંથી ઘણાઓ તરફથી તો આ માસિકમાં પ્રગટ થતા લેખો ઉપર સહાનુભૂતિ દર્શાવનારા પત્રો પણ આવે છે; તોપણ હવે પછી જુદી જુદી નવીન પદ્ધતિના લેખો દાખલ કરવાનો અમોએ નિર્ણય કર્યો છે. જૈનોમાં લેખકની સંખ્યા તરફ દષ્ટિ કરતાં બહુ ખેદ થાય તેવું છે. આગળ અભ્યાસ કરેલા અને ગ્રેજ્યુએટની પદવીથી અલંકૃત થયેલા સર્વ જૈન બંધુઓ સામાજિક-ધાર્મિક-નૈતિક વિગેરે ચાલુ બાબતો ઉપર ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચર્ચા થાય તેવા લેખો લખીને શામાટે બહાર પડતા નથી? તેવા સર્વ બંધુઓને અમે તેમના વિચારો આ જુના માસિક દ્વારા બહાર પાડવા અમે સપ્રેમ આમંત્રણ કરીએ છીએ. જૈનશૈલીથી જેમાં વિરૂદ્ધતા ન હોય, કોઈપણ અમુક વ્યક્તિ કે સંસ્થા ઉપર જેમાં કટાક્ષ ન હોય તેવા, કોમની અત્યારની સ્થિતિને ઉપયોગી લેખો આ માસિકમાં દાખલ કરવાનો અમોએ નિર્ણય કરેલો છે. જૈન લેખકો તે બાબતમાં બનતો પ્રયત્ન કરશે, અને કોમની બનતી સેવા જરૂર બજાવશે.

* * * * * * * *

ભાવનગર–રાજ્ય તરફથી પરમ પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રા કરવાનું સુગમ થઇ શકે તે માટે શીહોરથી પાલીતાણાની ટ્રેઈન થઈ ત્યારથી પાલીતાણા મુકામે યાત્રાળુની સંખ્યા હમેશાં વધતી જાય છે. ચાલુ મેળાના દિવસોમાં આવા પ્રસંગે હજારો યાત્રાળુઓ યાત્રાનો લાભ લેવા આવે છે. આવે વખતે શેઠ આણંદજી કલ્યાણજીની ત્યાંની પેઢી તરફથી શીહોર અને પાલીતાણાના સ્ટેશને યાત્રાળુઓને સગવડ કરી આપવા સારા પગારવાળા માણસો ગોઠવવાની જરૂર છે. આ વખતે ફાગણ શુદિ ૧૩ ઉપર ઘણા યાત્રાળુઓ પાલીતાણે એકઠા થયા હતા. તેવે પ્રસંગે શીહોર અને પાલીતાણા બંને સ્ટેશને યાત્રાળુને સગવડ કરી આપે, યાત્રાળુની ગરદી વખતે વધારે ડબાઓ ટ્રેઈનમાં જોડાવે, સ્પેશીયલ ટ્રેઈનો દોડાવવાનું કરે, રેલ્વેના હલકા દરજ્જાના માણસો યાત્રાળુને કનડે નહિ તે બાબતની તપાસ રાખે, આ વિગેરે કાર્ય માટે બંને સ્ટેશને સારા પગારવાળા માણસો રાખવાની અને ટ્રેઈનને ટાઇમે સગવડ સાચવી શકાય તેવો બંદોબસ્ત થવાની ખાસ જરૂર છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહક સદ્‌ગૃહસ્થોનું આ બાબત તરફ લક્ષ ખેંચવામાં આવે છે, અને તે માટે યોગ્ય બંદોબસ્ત તરતજ કરવામાં આવશે એવી આશા રાખવામાં આવે છે.

* * * * * *

અત્રેની પાંજરાપોળની વ્યવસ્થા ઉપર ટીકા કરતાં ભાઈબંધ 'જૈનશાસને' એક બહુ વાંધા ભરેલો લેખ તેના તા. ૨૧–૨–૧૯ ના ...
જે વાંચી બહુ દિલગીરી થાય તેવું હ
તરફથી ભાવનગરથી છ ગાઉ દૂર ચે
આવ્યું છે, અને ઘાસચારાની અને
પાંજરાપોળનાં ઘણાંખરાં ઢોરોને તે સ્થળે
કાર્યવાહક કમીટીના ગૃહસ્થો વારાફરત
તપાસવા જાય છે, અને તે ગામ સરકારી
ત્યાં જાય છે ત્યારે તે ગામના ગરાસીઆ
આમંત્રણ કરે છે. આ બાબતનો ખર્ચ ચ
ફંડ કરેલું છે; અને આવી રીતે ત્યાં તપા

...ર છે,
... છે છતાં
માન યુદ્ધને
કરવાની છે તે
ધર્મની નજરે રજુ
નાં યુદ્ધના વિષયને લઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખર્ચ તે ફંડ ખાતે ઉધારવામાં આવે છે. આવી સ્થિતિ છતાં ભાઇબંધ જૈનશાસનના અધીપતિ તરફથી જે ખોટા આક્ષેપો ભાવનગર પાંજરાપોળના કાર્યવાહકો માટે અને ત્યાં જતાં થયેલા ખર્ચ માટે કરવામાં આવ્યા છે અને જે અઘટિત શબ્દો વાપરવામાં આવ્યા છે તે ખરેખર ખેદજનક છે. તે ભાઇએ પૂરતો તપાસ કરવા પછીજ આવો આક્ષેપમય લેખ લખવાની જરૂર હતી. આવી રીતે ખોટી ટીકા કરવાથી પાંજરાપોળની આવકમાં નુકશાન થાય છે, કાર્યવાહકોનું દીલ દુખાય છે, તેઓ કાર્ય કરતાં અટકી પડે છે, અને ઉલટું ઢોરોની સ્થિતિનું નિરીક્ષણ કરવાનું કાર્ય બંધ પડી જાય છે. વળી તેણે એક બાબત લખી છે કે 'અવાચક પ્રાણીઓના મોંમાથી ભાગ પડાવેલો એ તે સંસ્થાના મેંબરોને કોઇ પણ રીતે ઘટિત નથી.' તે બાબત તો તદન અઘટિત લખી છે. તે બાબત વાંચ્યા પછી એક પ્રશ્ન પણ થાય ઉપસ્થિત છે કે આવી રીતે પાંજરાપોળનાં કામ કરી વખતનો ભોગ જે સદ્ગૃહસ્થો આપે તેનો ખર્ચ કદાચ બીજા ફંડના અભાવે પાંજરાપોળ ખાતે ઉધારવામાં આવે તો તેમાં પણ શું હરકત ગણાય ખરી ? અમારા નમ્ર અભિપ્રાય પ્રમાણે તો આવી રીતે કાર્ય કરનારા ગૃહસ્થો વખત અને ધન બંનેનો ભોગ આપવાને બીલકુલ બંધાયેલા નથી. આવી રીતે વખતનો ભોગ આપી કાર્ય કરે તે માટેજ ખરેખરો તેમને ધન્યવાદ ઘટે છે. વળી જો કાર્યવાહકોએ પોતાના પદરના ખર્ચથીજ કામ કરવું એવો નિર્ણય હોય તો મધ્યમ સ્થિતિના માણસો તો કામ કરી શકેજ નહીં. અમો નથી સમજી શકતા કે તે ભાઇબંધે આ પ્રશ્ન શા માટે અને શા આશયથી ઉઠાવ્યો હશે ? અમને તો તે લેખ વાંચી બહુ આશ્ચર્ય લાગ્યું છે, અને ખેદ પણ થયો છે.

* * * * * *

જયપુરની જેલમાં ગમે તે કારણોને લઇને વગર તપાસે કેદમાં પૂરવામાં આવેલ જૈન ગૃહસ્થ અર્જુનલાલ શેઠીને જયપુરથી મદ્રાસમાં વેલોરની જેલમાં લઇ જવામાં આવ્યા હતા; તેમને મૂર્ત્તિ--પૂજા કર્યા વિના અન્ન નહિ લેવાનો નિયમ હોવાથી અને વેલોરની જેલનાં કાર્યવાહકોએ તેની સગવડ નહિ કરી આપવાથી તે ભાઇ તે જેલમાં બીલકુલ ખોરાક લેતા નહીં અને ઉપવાસ કરતા હતા. આ બાબતમાં હાલમાં કલકત્તામાં મળેલી ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસે વ્યાજબી અવાજ ઉઠાવ્યો હતો, અને તે બાબતમાં ખાસ ઠરાવ તેમના પ્રેસીડેન્ટ શ્રીમતી એનીબીસાન્ટ તરફથી મૂકવામાં આવ્યો હતો. ભાઇબંધ 'દિગંબર જૈન' તરફથી જણાવવામાં આવે છે તદનુસાર અર્જુનલાલ શેઠીને છપન દિવસ અન્ન વિના રહેવું પડયું હતું, અને ત્યાર પછી મૂર્તિ--પૂજાની સગવડ થતાં તેમણે પારણું કર્યું હતું. આનું નામ ખરી ધર્મશ્રદ્ધા છે અને નિયમ લઇને પાળવાની ખરી ટેક છે. તેમનું આ પ્રતિજ્ઞા પાળવાનું કાર્ય ખાસ અનુકરણીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आत्म विचारणा-धर्म भावना.

## ( પ્રાસંગિક સ્ફુરણાઓ. )

( લખનાર-મોતીચંદ ગીરધરલાલ કાપડિયા બી, એ. એલ, એલ, બી. સોલીસીટર. )

ચારે તરફ અવલોકન કરવાનો આ કાળ છે. એક પછી એક બનાવો એટલી ઝડપથી બનતા જાય છે કે તે બનાવનાં કારણો અને પરિણામોપર વિચાર કરવાનો સમય મળે તે પહેલાં તો બીજા અનેક બનાવો નજરમાં આવે છે અને લક્ષ્ય એક સ્થાન પર ન રહેવાને કારણે પૂર્વપૂર્વના બનાવોથી મળતો ધડો ઘણીવાર નકામો થઈ જાય છે-અસર વગરનો થઇ જાય છે-નહિવત્ બની જાય છે. વર્તમાન સમયમાં જે ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે, સેંકડો મનુષ્યોની દરરોજ આહુતિ અપાવવાના જે વૃત્તાંતો દરરોજ સવારે ઉઠીને વાંચીએ છીએ તેણે હૃદયને એવાં બહેરાં બનાવી દીધાં છે કે એ જાણે દરરોજ બનતો અગત્ય વગરનો સામાન્ય બનાવ હોય તેમ ચાલી જાય છે. પાંચ વરસપર એક ટાઇટેનીક સ્ટીમરમાં પંદરસો માણસો જળશરણ થયા તે વખતે સર્વત્ર મહા ક્ષોભ થઇ ગયો હતો, શોકની એક પ્રચંડ ઉર્મિ અમેરિકા યૂરોપ અને એશીઆમાં પ્રસરી રહી હતી અને દિવસો સુધી એજ વિષય ઉપર ઉહાપોહ થતો અનુભવ્યો હતો. અત્યારે દરરોજ પંદરથી વીશ હજાર મનુષ્યો વિના અપરાધે મરે છે છતાં તે તરફ થવી જોઇતી અનભિરૂચિ, ગ્લાનિ કે ખેદ જણાતા નથી. તેનાં આંતરકારણો તપાસી વિવેકપૂર્વક તેનું પૃથક્કરણ કરવાની ખાસ આવશ્યકતા એટલા માટે છે કે એથી ભાવી જીવન વ્યવહારની અનેક કુંચીઓ તેના ગર્ભમાંથી મળી આવવી સંભવિત છે.

કથાનુયોગ અથવા ઇતિહાસનો અભ્યાસ, મુખ્યત્વે કરીને આપણા જીવનક્રમનિર્ણયમાં અમુક પ્રજા કે વ્યક્તિ, રાજા કે ગુરૂઓ કેમ વર્ત્યા હતા તે પરથી દોરાતાં અનુમાનોને લઈને ખાસ સાર્થ મનાય છે. નવા નવા બનાવ જાણવાની ખાતર કે જિજ્ઞાસા તૃપ્ત કરવાની ખાતર જો કથા કે ઇતિહાસનું વાંચન થાય તો તેનો ખરો આશય તેથી સિદ્ધ થતો નથી એ સ્પષ્ટ હકીકત છે. ભૂતકાળના ઇતિહાસ કરતાં પણ વર્તમાન કાળનો ઇતિહાસ ઘણી રીતે સ્પષ્ટ અનુમાનના પ્રસંગો પ્રાપ્ત કરી આપે છે, જો કે એમાં પૂર્વબદ્ધ વિચાર અને મનોવિકારને કાંઇક વિશેષ અવકાશ મળે છે છતાં એનું વાસ્તવિક ઉપયોગીપણું શંકા વગરનું છે. આપણે વર્તમાન યુદ્ધને અંગે કેટલાક વિચારો અવકાશે કરશું. અહીં જે હકીકત રજુ કરવાની છે તે રાજ્યદ્વારી નજરે નથી, પણ જીવનના પ્રથમ ઉપયોગી તત્ત્વ **ધર્મ**ની નજરે રજુ કરવાની છે. તે હકીકત લક્ષ્ય પર લાવીએ તોજ આ માસિકમાં યુદ્ધના વિષયને લઇ આવવાનું સમયોજન ગણી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ એ શું ચીજ છે ? એનો આશય શું છે ? એના ગર્ભમાં શું રહસ્ય છે ? અને તે શબ્દ કેવી નજરે કયા કયા અર્થમાં વપરાય છે ? તે આપણે પ્રથમ જોઇએ. આપણા યોગી આનંદઘન ગાઇ ગયા છે કે " ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે હો મર્મ; જિનેશ્વર "—આ વાકયમાં કાંઇ ચમત્કાર જણાય છે. આપણે ઠેકાણે ઠેકાણે ધર્મની વાતો સાંભળીએ છીએ, ધર્મના ઝગડાઓ સાંભળીએ છીએ, ધર્મને નામે કોરટમાં કેસો આવતા જોઇએ છીએ, અમુક માણસે ધર્મ કર્યું એમ સાંભળીએ છીએ. આવી અનેક બાબતમાં ધર્મ શબ્દ આગળ પડતો જોવામાં આવે છે, પરંતુ ધર્મને તેના ખરા સ્વરૂપમાં ઓળખવાની કોઇ દરકાર કરતું હોય એમ ઘણીવાર સામાન્ય નજરે જોતાં જણાતું નથી. જેને મનમાં જેમ ફાવતું આવે તેમ કરે છે, તેમાં ધર્મ શબ્દનો આધાર લઇ ઘણીવાર મનોવિકારને તૃપ્ત કરાતો પણ જોવામાં આવે છે. આથી ધર્મ શબ્દને બરાબર સમજવાની ખાસ જરૂર જણાય છે.

ધર્મ શબ્દની વ્યાખ્યા યથાર્થ થવી ઘણી મુશ્કેલ છે. સંસ્કૃતમાં धारयतीति धर्मः એટલે ' ધારણ કરે તે ધર્મ ' એવો અર્થ કરી ન ઇચ્છવા યોગ્ય નરકાદિ ગતિમાં પડતાં પ્રાણીને ધારણ કરી રાખે—ટેકો આપે તેને ધર્મ કહેવાનું બતાવે છે. આ ધર્મ શબ્દનો અર્થ સમજાય તેવો છે. ધર્મ એટલે ફરજ—એ અર્થ પણ વપરાશમાં આવે છે. પિતૃધર્મ, પુત્રધર્મ, પત્નીધર્મ વિગેરે શબ્દોમાં ધર્મ શબ્દ વપરાય છે તે આવા પ્રકારના અર્થવાળો છે. કોશકાર એને માટે ध्रियते लोकोऽनेन અથવા धरति लोकं વા એવી વ્યાખ્યા કરી જે પ્રથમ અર્થ બતાવ્યો તેજ અર્થમાં ધર્મ શબ્દની વ્યાખ્યા કરે છે. ધર્મને ન્યાયના અર્થમાં પણ વપરાતો જોવાય છે. ધર્મગ્રંથ અથવા ધર્માસનમાં ધર્મ શબ્દ આ અર્થમાં વપરાય છે. મતલબ ધર્માસન એટલે ન્યાયાસન, આવી રીતે ધર્મ એટલે વ્યવહાર, ધર્મ એટલે પુણ્ય, ધર્મ એટલે સદાચાર વિગેરે અર્થો પણ થાય છે.

ઉપર પ્રમાણે ધર્મ શબ્દોનાં અનેક અર્થ જોતાં ધર્મનો સ્પષ્ટ ખ્યાલ થવો ઘણો મુશ્કેલ લાગે છે. આપણે તેને સ્પષ્ટ કરવા સારૂ તેનો એકજ અર્થ નિર્ણિત કરી દઇએ તો ગેરસમજુતી થવી સંભવે નહિ. " આત્માની જેથી ઉન્નતિ થાય, તેની ઉત્ક્રાન્તિમાં સહાય આપે અને જે દ્વારાએ આત્માનું સ્પષ્ટ આત્મત્વ પ્રગટ થાય તે ધર્મ. " આ વ્યાખ્યા કે વર્ણન કદાચ અસ્પષ્ટ લાગતું હશે પણ તેનો આશય સ્પષ્ટ છે. વાચ્યાર્થ એ છે કે જે વસ્તુ આત્માને લગતી હોય, જેથી આત્મા આગળ વધી પોતાનું અસલ સ્વરૂપ અથવા મૂળ વાસ્તવિક સ્વરૂપ પ્રકટ કરે અથવા તેના તે કાર્યમાં જે બરાબર મદદ કરે તે ધર્મ કહેવાય. ધર્મને અંગે કેટલીક વાર સ્થૂળ બાબતોનો આધાર લેવો પડે છે, આત્મિક ઉત્ક્રાન્તિને અંગે સાધનભૂત સ્થૂળ પદાર્થો, બનાવો અને વૃત્તાંતોનો સમાવેશ ધર્મમાં કરવો પડે છે, પરંતુ તે પ્રસંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બનાવો કે વસ્તુઓને સ્થૂળ નજરે જોવાની નથી, પરંતુ આત્મિક ઉન્નતિનાં સાધન તરીકે સમજવાની છે. આવી સ્પષ્ટતા પૂર્વક ધર્મ શબ્દને સમજવાની અથવા લક્ષ્યમાં રાખવાની ખાસ જરૂર એટલા માટે છે કે એ નહિ સમજવાથી ઘણી ગેર-સમજુતી થાય છે, વ્યવહાર અને વર્તનના ઘણા ગોટાળા થાય છે અને સ્પષ્ટ સાધ્યના ખ્યાલ વગર પ્રાણી અવ્યવસ્થિત રીતે આડો અવળો દોડ્યા કરે છે. આટલી સ્પષ્ટતા શરૂઆતમાં કરી આપણે હવે ધર્મ શબ્દને અંગે કંઇક આંતર વિચારણા કરી પછી વર્તમાન સ્થિતિ વિચારીએ.

અહીં એટલું પણ સ્પષ્ટ કરવાની જરૂર છે કે ઉપર **ધર્મ** શબ્દનો જે અર્થ કરવામાં આવ્યો છે તે આત્માનું અસ્તિત્વ સ્વીકારીને કરેલો છે. આત્મા છે, તે નિત્ય છે, શુભ અશુભ કાર્ય કરવા અથવા થવા માટે તે જવાબદાર છે, તેનો પર-ભવ છે અને ત્યાં તેણે શુભ અશુભ કાર્યોનાં ફળોને ભોગવવાં પડે છે—આ સર્વ બાબત માની લઇનેજ આ વિષયવિચારણા આપણે કરીએ છીએ. આત્માના અસ્તિત્વની કે પરભવની બાબત પર જો અહીં ચર્ચા કરીએ તો વિષય ઘણો લાંબો થઇ જાય. ટુંકામાં એને માટે એટલુંજ કહેવું યોગ્ય જણાય છે કે ધનવાન્ અને ગરીબ, સાધન-સંપન્ન અને સાધનહીન, તંદુરસ્ત અને વ્યાધિગ્રસ્ત, તીવ્ર અને મંદ વચ્ચે જે તફા-વત જોવામાં આવે છે તે આકસ્મિક નથી પણ સકારણ છે અને તેનું કારણ પૂર્વ-કૃત કર્મ છે. ઉપરાંત આત્મા અને તેનો પરભવ ન માનવામાં આવે તો શુભ વર્તન કે શિષ્ટાચાર માટે કાંઇ પ્રેરણા કરવાનું રહેતુંજ નથી, તેની આવશ્યકતા ખાસ જણાતી નથી અને જરૂરીઆત વગર તો પ્રાણી કોઇ પણ કામ કરતો નથી. ખાસ કરીને ઘસારો ખાવો પડે કે ત્યાગ કરવો પડે, અંકુશ સહેવો પડે કે ઇચ્છારોધ કરવો પડે એવી બાબત તો જરૂરીઆત હોય તોજ કરવામાં આવે છે. એમ ન હોય તોપછી માત્ર વ્યવહારમાં પોતાનું ગાડું ચાલે તેટલા પૂરતું શુભ વર્તન દેખાવમાં કર-વાની જરૂર રહે છે અને ધર્મને બદલે ધર્માભાસ થઇ આવે છે. પરભવ નહિ માન-નાર વર્ગને બરાબર તપાસીએ તો તેઓ કાંઇ અધર્મ વ્યવહાર કરનારાજ હોય છે એમ નથી, પરંતુ તેઓ શુભ વ્યવહાર માત્ર સંસારમાં પોતાનું ગાડું બરાબર ચાલે ત્યાંસુધી અને તેટલા માટેજ કરનારા હોય છે. દેખાવ બરાબર થાય તો પછી આંતર શુદ્ધિ કે હૃદય નિર્મળતાની ત્યાં જરૂર રહેતી નથી અને તેવી કક્ષાના માણસો ઘણી ગેરવ્યવસ્થા કરી નાખે છે. જરા વિચાર કરીને અવલોકન કરવાથી આ બાબત સ્પષ્ટ થશે. પરભવ છે અને આત્માને શુભ અશુભ ક્રિયાનાં ફળ વહેલાં મોડાં પણ અવશ્ય ભોગવવાનાં છે એટલું ધારીને આપણે અત્ર વિચારણા કરીએ છીએ. ધર્માભાસથી કેટલો ત્રાસ થાય છે તે આગળ આપણે અવકાશે વિચારશું. તે બાબત પણ ઘણી મહત્વની છે તેથી વિષયવિચારણાના અન્ય પ્રસંગમાં તેનું રહસ્ય જોતાં તેની સમજવા પૂરતી મહત્તા સ્પષ્ટ કરવામાં આવશે.

For Private And Personal Use Only

આ મનુષ્ય ભવ ઘણો દુર્લભ છે, મહા મુશીબતે મળે છે અને મળ્યા પછી જો તેનો સદુપયોગ ન થાય તો તેથી ઘણી હાનિ થવા ઉપરાંત એવી પરિસ્થિતિ ફરીવાર ઉત્પન્ન કરતાં સેંકડો હજારો કે કરોડો વરસો વહી જાય છે. તેનું કારણ એ છે કે મનુષ્યભવમાં આત્મકાર્ય બહુ સ્પષ્ટતા પૂર્વક ચાલે છે. જો આત્મકાર્ય બરાબર ચાલે તો મનુષ્યભવ સફળ થાય છે અને જો તેનો ગેરલાભ લેવાય અથવા આત્માની અવનતિ થાય તેવો જીવનક્રમ પ્રાપ્ત કરવામાં આવે તો મનુષ્યભવ નિષ્ફળ થાય છે. મનુષ્યભવ નિષ્ફળ થયો કે સફળ થયો તેની ખાસ લક્ષ્યપૂર્વક ગણતરી કરવાનું કારણ એ છે કે અનંત ભવચક્રમાં જો કે માત્ર આ એકજ ભવ છે તથાપિ આ ભવમાં જો આત્માની ઉત્ક્રાન્તિ વધારી દેવામાં આવે તો તેનો રસ્તો બહુ સીધો સરળ અને આગળ વધતો (progressive) થઇ આવે છે, પણ જો એમ ન કરવામાં આવે તો તેની અસર અનંત ભવો સુધી પહોંચે છે. આ હકીકત જરા વધારે સ્પષ્ટ કરીએ તો ધર્મની જરૂરીઆત સ્પષ્ટ થઇ જશે.

આત્માને કર્મથી જો ભારે કરવામાં આવે તો તેની પ્રગતિ અટકી પડે છે અને તે પાછો હઠે છે, સંસારમાં રગદોળાય છે, ખરડાય છે, લેપાય છે અને નીચે ઉતરતો જાય છે. આત્માને તેના સહજ ગુણો પ્રગટ કરવાના માર્ગમાં આ મનુષ્યભવમાં મૂકવામાં આવે તો તેની ઉત્ક્રાન્તિ વધે છે, તેનો ભવિષ્યનો માર્ગ સરળ થાય છે અને સર્વ કર્મમોક્ષ પ્રાપ્તિના તેના અંતિમ સાધ્ય તરફ તેનું પ્રયાણ થાય છે. હવે જો આપણે પ્રત્યેક આત્માઓ અથવા તેના મનુષ્ય રૂપો તરફ જરા બારીકીથી જોશું અને તેનો અભ્યાસ કરશું તો આપણને જણાઈ આવશે કે તે અમુક પ્રતિનો માણસ છે. આપણે જેના સહવાસમાં વધારે આવ્યા હોઇએ તે અમુક સંયોગોમાં કેવી રીતે કામ કરશે તે આપણે તેના સંબંધના જ્ઞાનથી અનુમાન કરીને કહી શકીએ છીએ. સ્વાર્થ, ક્રોધ, અભિમાન, મત્સર, સરળતા, નમ્રતા, સ્પષ્ટ વાકયતા, દીર્ઘદર્શિતા, કપટ, લુચ્ચાઇ, તરકટ, ઢોંગ, સત્ય, પ્રમાણિક વર્તન આદિ અનેક ગુણો અમુક વ્યકિતમાં કેટલાં છે અને કેવાં છે તેનું આપણને પરિચયથી જ્ઞાન થાય છે અને તેથી અમુક સંયોગોમાં તે કેવી રીતે કામ કરશે તે આપણે ઘણે ભાગે પ્રથમથી કહી શકીએ છીએ. તમારે એક દેશસેવાનું કામ હોય અને તમે અમુક માણસ પાસે પૈસા લેવા જાઓ તો પ્રથમથી કહી શકશો કે તે તમારી વિજ્ઞપ્તિનો કેટલો અને કેવો ઉત્તર આપશે, કારણ કે તેની જાહેર સેવાની કિંમત અને ધન પ્રતિ ઉદાર કે લોભવૃત્તિનો તમને કાંઇક ખ્યાલ હોય છે. આજ પ્રમાણે સ્વાર્થ, સરળતા આદિ સર્વ બાબતને માટે સમજવું. હવે આવું જે પ્રથમથી તમને અનુમાનવડે પરિચયવશાત્ જ્ઞાન થાય છે તે પ્રત્યેક આત્માની ઉત્ક્રાન્તિને લઇને થાય છે. જેનો આત્મા અથવા જે આત્મા જેટલો ઉત્ક્રાન્ત થયેલો હોય તેટલે અંશે તે વર્તન કરે છે. જેની ઉત્ક્રાન્તિ થોડી થયેલી હોય છે તે સામાન્ય વર્તન કરે છે, જે ઉન્નત દશાએ પહોંચેલ હોય છે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બહુ સારૂં વર્તન કરે છે. અહીં કહેવાની મતલબ એ છે કે જે પ્રાણી જેટલો આગળ વધેલો હોય તેટલો તે પોતાની જાતને ભૂલી જઇ પરહિત ખાતર વર્તન કરે છે. હવે આપણે મનુષ્યભવમાં આવીએ ત્યારે આપણું આંતર વર્તન અમુક પ્રકારનું હોય છે. આપણે એક સરોવરની કલ્પના કરો. જાણે આખું સરોવર પાણીથી ભરેલું હોય તો તેમાં ચારે તરફ પચાસ ફુટ પાણી ભરેલું છે એમ ધારીએ તો તદ્દન સાધ્ય સાપેક્ષ દૃષ્ટિવાળા જીવોનું આત્મસરોવર પચાસ ફુટ પાણી ભરેલું રહે. એના પ્રમાણમાં પ્રત્યેક વ્યક્તિના સરોવરો જૂદાં જૂદાં છે એમ માનવું. કોઇમાં જળ દશ ફુટ હોય છે, કોઇમાં બાર ફુટ, કોઇમાં પચીસ, કોઇમાં ચાળીશ ફુટ વિગેરે. હવે આ મનુષ્યભવ પ્રાપ્ત કરી આ જળસંચયમાં વધારો થાય તો તેની સફળતા થાય છે અને ઘટાડો થાય તો તેમાં તેની નિષ્ફળતા છે. મનુષ્યભવની શરૂઆતમાં આત્માનો જળસંચય દશ ફુટનો હોય તેને બદલે જો તે વધે તો આ ભવ સફળ થાય છે, જો તે ઘટે તો નિષ્ફળ છે અને તેની અસર અત્યાર પછીના અનેક ભવોપર થનાર હોવાથી તે બાબત ઘણી અગત્યની ગણવામાં આવે છે. આ મનુષ્યભવમાં આત્માની ઉત્ક્રાન્તિનું જળસંચય નિશાન (water-mark) જેટલું વધારવામાં આવે–જેટલું ઉંચું કરવામાં આવે તેટલી તેની ચીરસ્થાયી અસર ભવાન્તર પર દીર્ઘકાળ સુધી થાય છે અને તે ચીરસ્થાયી અસર નીપજાવવામાં **ધર્મ** અગત્યનો ભાગ બજાવે છે; તેથી ભવિષ્યના ઘણા લાંબા વખતને લક્ષ્યમાં લઇને ધર્મ શબ્દની વિચારણા ઘણી મહત્વની ગણવામાં આવે છે. 'અનંતા ભવોમાં આ એક ભવ થયો, તો પછી આ ભવમાં સ્થૂળ સુખો ભોગવવાના પ્રસંગો શામાટે ગુમાવવા? અનંત ભવોમાં એક ભવ વધારે ઘટાડે થાય તેનો શો હિશાબ છે?' એવો જો સવાલ થતો હોય તો તેનો આ ખુલાસો છે. 'આ ભવમાં જે કાર્ય કરવામાં આવે તેની અસર ભવિષ્યના અનેક જન્મપર થાય છે અને તેથી આ ભવનાં કાર્યપર એક ભવ તરીકે નહિ પણ લાંબા ભવિષ્યને ખાતર ખાસ વિચાર કરવાની જરૂર છે.'

એ વિચારણા કરવાનું એક બીજું પણ ઘણુંજ મહત્વનું કારણ છે અને તે એ છે કે મનુષ્યભવમાં પ્રાણીને એવા સંયોગો પ્રાપ્ત થાય છે કે તેને લઇને તેની ઉત્ક્રાન્તિ અથવા અવનતિ ઉપર ઘણી મોટી અસર થાય છે. મનુષ્યભવમાં શારીરિક પરિસ્થિતિ, જ્ઞાન, સમજણ અને સંગતિ એટલી બધી અસર ઉપજાવે છે કે જો અનેક બાબતમાં લક્ષ્ય આપવામાં ન આવે તો આત્માપર બહુ ખોટી અસર થઇ જાય; આ મનુષ્યભવમાં જેમ સરળતા ઘણી છે અને સફળતા કરવાનાં સાધનો પ્રાપ્ય છે તેમજ જો તેનો દુરૂપયોગ થાય તો અધઃપાતના પ્રસંગો પણ અહીં બહુ છે. જેમ જ્ઞાન અને સમજણ વધારે તેમ જવાબદારી પણ વધારે હોય છે. અજ્ઞાનીને હકો ઓછા હોય છે તેમ તેની જવાબદારી પણ ઓછી હોય છે, પરંતુ મનુષ્યભવમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયોગોજ એવા પ્રકારના હોય છે કે પ્રાણી ધારે તો પોતાની પ્રગતિ કરી શકે અને નહિ તો અધઃપાત પણ બહુ કરે. કાર્ય કરવાની ઘણી સ્વતંત્રતા અહીં મળે છે, પરાધીનતા ઓછી થાય છે, શરીર અને ઇંદ્રિયો ઉત્ક્રાન્તિને માર્ગ આપે તેવી અહીં પ્રાપ્ત થાય છે, વિચારણા કરીને અહીં વર્તન કરી શકાય છે અને તે પ્રમાણે કરવાના ઘણા અનુકૂળ સંયોગો પ્રાણી એકઠાં કરી શકે છે; તેથી એવી અનેક બાબતોને લઇને આ મનુષ્યભવની સફળતા અથવા નિષ્ફળતા આ ભવ ઉપર અસર કરે છે, એટલુંજ નહિ પણ અનેક ભવો ઉપર કરે છે. અહીં આત્માની ઉત્ક્રાન્તિ વધારી દેવામાં આવે, આત્માને સાધ્ય સન્મુખ કરી દેવામાં આવે, વર્તન અને વિચારણા સાપેક્ષ દૃષ્ટિએ કરવાની તેને ટેવ પાડી દેવામાં આવે તો દીર્ઘ કાળ સુધી તેની અસર આત્મા ઉપર પહોંચે છે; તેથી આત્મવિચારણા કરવાની ખાસ જરૂરીઆત અહીં પ્રાપ્ત થાય છે. દીર્ઘકાળ સુધી આ બાબતમાં આત્મા ઉપર અસર થતી હોવાથી ભવિષ્ય અને વર્તમાનકાળને અંગે આત્મવિચારણા કરવાની જરૂર ખાસ પ્રાપ્ત થાય છે.

મનુષ્યભવની દુર્લભતા અનેક પ્રસંગે બતાવવામાં આવી છે, અનેક દૃષ્ટાન્તો આપી તે વાત દૃઢ કરવામાં આવી છે તે સર્વનો હેતુ બે પ્રકારનો જણાય છે. એક તો આત્માની ઘણી પ્રગતિ થાય, તદ્દન અંધ દશામાંથી તેનો ઘણો વધારો થાય ત્યારે નિગોદ જેવી ઘોર અંધકારવાળી દશામાંથી આગળ વધી તે બહાર એકેંદ્રિયાદિ ભવમાં આવે છે અને ત્યાંથી પણ અનેક અવ્યકત કષ્ટ સહન કરતાં બે ત્રણ ચાર ઇંદ્રિયો પામી શંખલા, સાંકડ, વીંછી વિગેરે ભવો પ્રાપ્ત કરી છેવટે પંચેંદ્રિય દશામાં આવે છે. તેમાં પણ વળી ઉત્ક્રાન્તિ બગાડી નાખી પાછો ઉતરી જાય છે અને તિર્યંચ સ્થિતિમાં જનાવર, પક્ષી, જળચર વિગેરે અનેક જગોએ ફરી પરાધીન દશા અનુભવે છે. એવી પંચેંદ્રિય દશામાં સમજણ હોય છે તોપણ વર્તન ઉપર અંકુશ રહી શકતો નથી, કારણ કે વાણાના અભાવને લીધે પોતાના વિચારો બતાવી શકવાની પરિસ્થિતિ ન હોવાથી અને અનુભવ તથા ઇતિહાસના જ્ઞાનના અભાવે પ્રાણી બહુ રખડે છે, પણ કોઇ પ્રકારનો લાભ પ્રાપ્ત કરી શકતો નથી, અથવા નામમાત્ર અલ્પ લાભ મેળવી શકે છે. આત્મિક ગણનામાં સ્થૂળ બાબત બહુ સામાન્ય ભાગ ભજવે છે. એવી દશામાંથી કાંઇક ઇચ્છાપૂર્વક (સકામ) અને કાંઇક અનિચ્છાએ કર્મ મળ દૂર કરતાં (નિર્જરા થતાં) મનુષ્યભવ ઘણે કાળે મળે છે, મહા મુશીબતે મળે છે, અસાધારણ અનુકૂળ સંયોગોને યોગે મળી આવે છે. તે મનુષ્યભવની પૂર્વ કાળની અપેક્ષાએ દુર્લભતા થઇ. એ દુર્લભતાની સમજણ જેને હોય તે તો અહીં આત્માની ઉન્નતિ કરી તેનો ભવિષ્યનો માર્ગ ઘણો સરળ કરી નાખે છે, તો પછી તેને ભવિષ્યકાળને અંગે મનુષ્યભવની દુર્લભતા રહેતી નથી. એવી સાપેક્ષ દૃષ્ટિવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્નત મહાત્માઓ તો મનુષ્યભવને પણ બોજારૂપ ગણી ભવજંજાળમાંથી મુક્ત થાય તેવી પરિસ્થિતિ પ્રાપ્ત કરવાની ઘટના અત્ર કરી દે છે અને પોતાની એવી દશા થાય ત્યાંસુધી સાધન તરીકે મનુષ્યભવ મળ્યા કરે એવી સ્થિતિ પ્રાપ્ત કરે છે; એમને માટે ભવિષ્યકાળમાં પણ મનુષ્યભવ દુર્લભ નથી, તેઓ તો તેને સાધન-માત્ર માને છે અને પુરૂષાર્થબળથી મેળવી શકે છે, પણ મનુષ્યભવની જે દુર્લભતા બતાવી છે તે આથી બીજી કક્ષાના પ્રાણીઓ કે જેઓ આ મનુષ્યભવ પ્રાપ્ત કરી તેને નકામો–નિષ્ફળ બનાવે છે અને આત્માવનતિ કરે છે તેમને લઇને છે. એવા પ્રાણીઓ મહા મુશ્કેલીએ પ્રાપ્ત થયેલ મનુષ્યભવનો લાભ લઇ આત્મોન્નતિ ન કરતાં પાછા હઠે છે, સ્થૂળ સુખમાં રસ લે છે, ઇંદ્રિય વિષયમાં અને ધન પ્રાપ્તિમાં મોજ માને છે, ખાવા પીવામાં ભવની સફળતા સમજે છે, ગાન તાન ને ગુલતાનમાં લીન રહે છે, સંસારને નિરંતર ચાટતા જાય છે, આ ભવમાં પરિપૂર્ણતા માને છે, અભિ-માન–કપટ–ચોરી–તર્કટ–મિથ્યા ધમાધમ–નિંદા અને વિકથામાં આનંદ લે છે. અને એવી અનેક રીતે સ્થૂળ સુખ અને માનસિક મનોવિકારોમાં પચેલા રહે છે, તેઓ-ની ઉન્નતિ જરાએ આગળ વધતી નથી, તેઓનો આત્મા જરાપણ વિસ્તૃત થતો નથી, તેઓ જરા પણ આગળ વધતા નથી અને તેવાઓને ભવિષ્યમાં પણ મનુષ્યભવ પ્રાપ્ત થવો દુર્લભ થઇ પડે છે. અનંત ભવચક્રમાં તેઓ પાછા ઘસડાઇ જાય છે અને ક્યાં ગયા તેનો પત્તો પણ લાગતો નથી. સંસાર મુક્ત થવાના કાર્યને અંગે તેઓનો થાક પણ લાગતો નથી અને તેઓ માટે મનુષ્યભવ આગળ અને પાછળ–ભવિષ્ય અને ભૂતને અંગે સર્વદા દુર્લભજ રહે છે. આવી ગંભીર વસ્તુસ્થિતિ હોવાથી અનંત કાળની અપેક્ષાએ આપણે આત્મવિચારણા કરવી યોગ્ય છે.

ધર્મવિચારણા અને આત્મિક વિચારણા એ પર્યાયવાચી શબ્દો છે અથવા બીજી રીતે કહીએ તો એકના વિચારમાં બીજાનો સમાવેશ થાય છે. વિષય એટલો વિશાળ છે કે એના પેટામાં ગમે તે વિષયનો સમાવેશ થઇ શકે, કારણકે એનું ક્ષેત્ર ભૂતકાળ અને ભવિષ્યકાળની અપેક્ષાએ અનાદિ અનંત છે. અત્ર હકીકત દઢ કરવા-ની એ છે કે ચાલુ ધમાલવાળી સ્થિતિમાં આપણે તો ઘણીવાર આત્માને ભૂલીજ જઇએ છીએ, જાણે આ ભવમાં ધન ઉપાર્જન કરવું કે ઇંદ્રિય ભોગો ભોગવવા, ખાવું પીવું કે ઉંઘવું અથવા મોજમજા ઉડાવવા સિવાય બીજું કાંઇ કામજ ન હોય એમ લાગે છે, અથવા એવું લાગવાનો વખત પણ રહેતો નથી; કારણકે લાગે તો વિચાર કરે ત્યારે; અને અહીં તો સ્થૂળ ધમાલમાં વિચાર કરવાનોજ પ્રસંગ મળતો નથી. માત્ર જ્યારે કોઇ નજીકના પ્રેમી માણસના મંદવાડનો અથવા મર-ણનો પ્રસંગ બને અથવા પોતાના શરીરે વ્યાધિ ઉત્પન્ન થાય ત્યારે થોડાને ઘણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતાં કાંકરો આવે ત્યારે તે જેમ ચમકી ઉઠે છે તેમ ભાઇથી જરા ચોંકે છે, પણ પાછા વસ્તુઓ અને સંયોગો નવીન રીતે ગોઠવાઈ જાય એટલે પાછો સંસારને ચોંટતો જાય છે, વિચારણાનો જરા પ્રસંગ મળ્યો હોય તે વીસરી જાય છે, કાંઈક જુના નિર્ણયો કરેલાં હોય છે તેને ખીંટીએ મૂકી દે છે અને અસલ પ્રમાણે વર્તન કરવા મંડી જાય છે. આ સ્થિતિ ઘણી વિચારણીય છે, ગંભીર છે, પશ્ચાત્તાપ કરાવે તેવી છે, તે વાત દઢ કરતાં આત્મવિચારણાની જરૂરીઆત પર ભાર મૂકવાનો છે. ધર્મવિચારણા અને આત્મવિચારણાને અંગે પ્રાસંગિક સ્ફુરણાઓ થયા કરશે તે બતાવવા ભાવના છે. વિષય અત્યંત મહત્વનો અને પોતાની જાતને અસર કરનારો છે અને સર્વથી પ્રથમ અગત્ય ધરાવનારો છે. એની યોજના એવી રાખવામાં આવશે કે ગમે તે અંકમાં ગમે ત્યાંથી વિષય વાંચવામાં આવે તોપણ સમજી શકાય. આ વિષયો લક્ષ્યપૂર્વક વાંચવાની આત્મિક અગત્ય બતાવી, અન્ય પ્રસંગે અવકાશે તે બાબતપર સવિશેષ લક્ષ્ય ખેંચવા પ્રયત્ન કરવા ઈચ્છા જણાવી અત્ર વિરમવામાં આવે છે.

## આપણા દેશને શાની જરૂર છે ?

( લેખક—દફતરી નંદલાલ વનેચંદ મોરબીવાળા—ધોરાજી. )

વર્તમાન સમય અને પરિસ્થિતિ એવાં છે કે આ પ્રશ્ન સમાજમાં ઘણે ભાગે ચર્ચાઈ રહ્યો છે. આજથી પંદર વર્ષ પહેલાં જ્યારે ગણ્યા ગાંઠ્યા મનુષ્યના હૃદયમાંજ આ પ્રશ્ન ઉઠતો હતો ત્યારે અત્યારે જનસમાજમાં એવો કોઈપણ મનુષ્ય ભાગ્યેજ મળી આવશે કે જેના શ્રવણપટ ઉપર આ પ્રશ્ન આવ્યો નહિ હોય.

રાજકિય સુધારા કરાવવા એ દેશને જરૂરના છે. આપણે આપણા હકોની માગણી કરવી એ દેશને જરૂરની છે. હાલની શિક્ષણપદ્ધતિમાં સુધારો કરવો એ દેશને જરૂરનું છે. હુન્નર ઉદ્યોગાદિ વાણિજ્યના સાધનો દેશમાં વધારવા એ જરૂરનાં છે. ધાર્મિક ભાવના અને ધાર્મિક જીવનની દેશને અગત્ય છે. પાંચ કરોડ ગાયાઓને ગ્રંથે લગાડવાની દેશને જરૂર છે. અને આપણે આપણા પગ ઉપર ઉભાં રહેતાં શીખવાની જરૂર છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન વિચારો ભિન્ન ભિન્ન અંતઃકરણના મનુષ્યો તરફથી દેશની જરૂરીઆત અને પ્રગતિ માટે પ્રગટ થતા જોવામાં આવે છે.

દેશની જરૂરીઆતના જે જે માર્ગો અત્યાર સુધીમાં દર્શાવાયા છે અને હવે પછી પણ દર્શાવાશે તેની સાથે એક નવીન બાબ જોડવાની આવશ્યકતા લાગે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે અન્ય નહિં પણ આધ્યાત્મિક બળ છે. જેમ પાયો મજબુત કર્યા વિના બાંધેલી ઇમારત જમીનદોસ્ત થઇ જાય છે તેમ આ બળ પ્રાપ્ત કર્યા વિના દેશની ઉન્નતિના કાર્યો યશસ્વી થઇ શકતા નથી; એટલુંજ નહિ પણ તે ઓલવાઇ જતા દીપકની માફક અલ્પ સમયમાંજ પ્રકાશ આપી વિલાઈ જાય છે.

આપણો દેશ પૂર્વે ઘણોજ જાહોજલાલીમાં હતો એ વાતની સાક્ષી ઇતિહાસ પૂરે છે. હિંદુસ્તાનની કળાકૌશલ્યતા અદ્ભુત હતી એ વાત પાશ્ચાત્ય વિદ્વાનો પણ હવે સ્વીકારે છે. આ સર્વ શાને લીધે હતું ? તે વિચારશો તો સ્પષ્ટ રીતે જણાશે કે એ આધ્યાત્મિક બળનેજ આભારી છે. આ બળ જેમાં ઓતપ્રોત થયેલું નથી તે કાર્ય ભલે બહુજ ઉતમ દશામાં આવ્યું હોય તોપણ તે કયારે અવનત થઇ જશે તે કહી શકાતું નથી. ભૌતિક સુધારામાંજ પોતાના સમગ્ર બળનો ઉપયોગ કરનાર યુરોપખંડના મનુષ્યો કે જે આપણી નજરમાં કુદકે અને ભુસકે આગળ વધતા જણાતા હતા તે આ પ્રમાણે ભિષણ સંગ્રામ મચાવી પોતાની શોધખોળનો ઉપયોગ માનવજાતિની સમષ્ટિના વિનાશમાંજ યોજશે–એવી દશ વર્ષ પૂર્વે આપણને કલ્પના પણ નહોતી. સુધારાની શોધખોળો જ્યારે આવી રીતે એક બીજાનો વિધ્વંસ કરવામાં વપરાય ત્યારે તે શું કામની ? આ સર્વ થવાનું કારણ પણ એ શોધખોળની સાથે આધ્યાત્મિક બળની યોજના નહોતી એજ ઘણે ભાગે મનાય છે.

આધ્યાત્મિક બળ એ એવું છે કે તેને લીધે મનુષ્ય જે ધારે છે તે કરી શકવા સમર્થ થાય છે. વિચાર કરીને જોતાં એવો એક પણ પદાર્થ નથી કે જે એ બળને મેળવ્યા પછી પ્રાપ્ત ન થાય. સિદ્ધિઓ તો એ બળની દાસી તુલ્ય છે. તેથી અમે દેશની જરૂરીઆતના જે જે માર્ગો લેવામાં આવે તેની સાથે આ બળને યોજવાની મક્કમપણે હીમાયત કરીએ છીએ.

આધ્યાત્મિક બળ એ શું છે ? તેનો ટુંકો વિચાર કરીને તે બાબત સ્પષ્ટ કરીએ તો તે અસ્થાને નહીં ગણાય. ખરી રીતે કહીએ તો મનુષ્યનું એ જીવનજ છે. સદાચરણને પોતાના લક્ષ્ય રૂપ બનાવી નિત્ય પા અથવા અડધો કલાક અંતરાત્માની સાથે ઐક્યતા અનુભવવા સ્વસ્થ અને શાંત ચિત્તે એકાંત સ્થળમાં બેસવાથી અંતરાત્મા તરફથીજ સ્વતઃ એ બળ પ્રાપ્ત થાય છે. ઉન્નતિના અનેક દ્વારોનું પણ એ સ્થિતિમાંજ દર્શન થાય છે. તેની પ્રાપ્તિને માટે આપણું એકજ કર્ત્તવ્ય છે કે આપણે પરસ્પરની દ્વેષભાવનાને છોડી એકત્ર થઈ એ બળ સંપાદન કરી આપણાં અંગત તથા દેશોન્નતિનાં કાર્યો કરતાં જવાં તો પરમાત્મા આપણને તેમાં સત્વર સફળતા આપશેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મૃત્યુનો ભય.

### ( તેનું કારણ ને નિવારણ. )

આ જગતનાં પ્રાણી માત્રને મૃત્યુનો ભય લાગે છે પરંતુ એકેંદ્રિય જીવો અવ્યકત હોવાથી, વિકળેંદ્રિયો વિકળ હોવાથી, અને તિર્યંચ પંચેંદ્રિયો વાચા વિનાના હોવાથી બતાવી શકતા નથી; મનુષ્યો બતાવી શકે છે. તેમજ તે મૃત્યુથી ભય પામે છે એમ અન્ય મનુષ્યો જોઇ પણ શકે છે. આવી રીતે મૃત્યુથી ભય પામવાનું કારણ શું છે ? કેમકે ખરી રીતે તો જેમ અહીં મનુષ્યપણામાં જન્મ ધારણ કર્યો છે તેમ આ ભવનું મૃત્યુ પણ અન્ય ભવના જન્મનુંજ કારણ છે. છતાં તેમાં આટલો બધો ડર શ્યો ? વિચાર કરતાં એમ જણાય છે કે પોલીસનો સીપાઈ તેડવા આવતાં કોઈપણ પ્રકારનો અપરાધ કરનાર માણસ પોલીસના ઉપરી પાસે જતાં બીહે છે; નિરપરાધી માણસ બહીતો નથી. તેમ આ હકીકતમાં પણ જે મનુષ્યે આ ભવમાં અન્યાય, દુરાચરણ, પરપીડાનાદિ અપરાધો કર્યા હોય છે તેજ મૃત્યુથી બીહે છે; જેઓ સદાચરણી, ન્યાયી, પરોપકારપરાયણ હોય છે તેઓ બહીતા નથી. આ સંબંધમાં ઘણા પ્રકારના વિચારો કરવાના છે પરંતુ તે મુલતવી રાખી હાલ તો એક તે સંબંધમાં નાની સરખી વાર્ત્તા કહીને આ લેખ પૂર્ણ કરશું.

એક રાજાને **મદાલસા** નામે રાણી હતી. તે પરમ શ્રાવિકા હતી, તત્ત્વાતત્ત્વની જાણ હતી. તેને અનુક્રમે સાત પુત્રો થયા હતા. તે દરેક પુત્ર બાલ્યાવસ્થામાં જ્યારે રોતા હતા ત્યારે તેને પારણામાં હુલરાવતાં મદાલસા કહેતી હતી કે:—

> मृत्योर्बिभेषि किं बाल ! स च भीतं न मुंचति ।
> अजातं नैव गृह्णाति, कुरु यत्नमजन्मनि ॥

" હે પુત્ર ! તું રૂએ છે તે શું મૃત્યુથી ભય પામીને રૂએ છે ? તને એમ લાગતું હશે કે જન્મ્યા એટલે હવે મરવું પડશે ! પરંતુ એ કાળ ( મૃત્યુ ) ભય પામેલાને છોડી દેતો નથી; તે તો તેને પણ લઈ જાય છે. અર્થાત્ તે પણ મૃત્યુ તો પામે છે. પણ જો તને તેનો ખરેખરો ભય લાગ્યો હોય અને તેના સપાટામાં ન આવવાની ઇચ્છા હોય તો એક ઉપાય બતાવું. સાંભળ ! તે મૃત્યુ જે જન્મે નહીં તેને ગ્રહણ કરી શકતું નથી, તેથી જન્મ લેવો ન પડે તેવા પ્રયત્ન કર." આ પ્રમાણે વારંવાર કહેવાથી તે સાતે પુત્રોને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તેઓ ખરૂં સ્વરૂપ સમજ્યા અને ઉમરલાયક થયે સદ્ગુરૂનો યોગ મેળવી દરેકે ચારિત્ર ગ્રહણ કર્યું અને સદ્ગતિના ભાજન થયા. ખરી માતા તે આનું નામ કે જેણે પુત્રના વાસ્તવિક હિતનો વિચાર કરી તેને સન્માર્ગે ચડાવ્યા. જે માતા પુત્રને સંસારી બનાવી સ્રીપુત્રના જંજાળ વળગાડી તેને ભવભ્રમણ વધવાના કારણો મેળવી આપે છે અને તેમાં રાચેલમાચેલ જોઇને રાજી થાય છે તે ખરી માતા નથી, સ્નેહ પણ બે પ્રકારનો હોય છે, પ્રશસ્ત ને અપ્રશસ્ત. મદાલસાનો પુત્ર પ્રત્યે સ્નેહ નહોતો એમ નહીં પણ પ્રશસ્ત સ્નેહ હતો અને તે સ્નેહને લીધેજ તેણે પુત્રનું વાસ્તવિક હિત કર્યું છે, ધન્ય છે એવી માતાઓને !

---

For Private And Personal Use Only